કિંમત ₹ ૫/-

સળંગ અંક ૭૫ - જુલાઈ - ૨૦૧૩

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે



## શ્રી સ્વામિનારાયણ મંદિર-બાયરન (અમેરિકા)માં શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપો દ્વારા મૂર્તિપ્રતિષ્ઠા વિધિ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧













૧-૨. શ્રી સ્વામિનારાયણ મંદિર - કલિવલેન્ડના પાંચમા પાટોત્સવ પ્રસંગે હજારો હરિભક્તોની હાજરીમાં શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપો મૂર્તિઓનો અભિષેક કરતા. ૩.શિકાગો મંદિરમાં સત્સંગ સભા. ૪.ઘાટલોડિયા મંદિર (અમદાવાદ)માં પારાયણ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૫.ગાંધીનગર સે.-૨૩ મંદિરમાં નિર્જળા એકાદશીના જળદાન પ્રસંગે અન્નકૂટ દર્શન. ૬.ન્યુ રાણીપ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી ૭.મહાદેવનગર સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૮.નારણઘાટ મંદિર ફુલના વાઘાના દર્શન ૯.માણસા મંદિરમાં ચંદનના વાઘાના દર્શન. ૧૦. અમદાવાદ મંદિરમાં શ્રી હનુમાનજી અને શ્રી ગણપતિજીને ફુલના વાઘાના દર્શન. ૧૧.આદરજ મંદિરમાં અન્નકૂટ દર્શન.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૭ ● અંક : ૭૫

જુલાઈ-૨૦૧૩





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ધર્મ ભક્તિની તપશ્ચર્યા | ૦૬ |
| ૦૪. | ગુરુવર્ય ધર્મવંશી આચાર્યશ્રી | ૦૮ |
| ૦૫. | પ્રેમની પરાકાષ્ઠા | ૧૦ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૨ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૪ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૬ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૨૦ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૧ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

પરમાત્માએ રચેલી આ સૃષ્ટિમાં માણસ નવી નવી ટેકનોલોજી લાવીને આધુનિકતા લાવે છે. કુદરતી જંગલો કાપીને સિમેન્ટના બિલ્ડીંગોના જંગલો થવા લાગ્યા છે. જ્યાં પ્રાણીઓ માટે ભગવાને બનાવેલા જંગલનું ઘોર ખોદી રહ્યાં છે. પહાડોમાં ખળખળ વહેતા નદીઓના વહેણ અને ઝરણાઓને વહેવા દેવા જોઈએ તેના બદલે ત્યાં પણ મોટા મોટા અનેક બંધો બનવા લાગ્યા છે. આવું થાય ત્યારે કુદરત રૂઠે છે. ઉત્તરાખંડમાં આવેલા પવિત્ર અને પૌરાણિક તીર્થ સ્થાન કેદારનાથ, ગૌરી કૂંડ, ચમૌલી, ગોવિંદઘાટ જેવા અનેક સ્થળોએ જૂન માસમાં મેઘ તાંડવ થયું. વાદળો ફાટ્યા, નદીઓએ માઝા મૂકી ! ભુઃસ્ખંલન થી પહાડો તૂટ્યા ! આ સમય યાત્રિકોનો ખરેખરો દર્શનનો સમય, હજારો યાત્રિકો મોતના મુખમાં ધકેલાયા. અરે ! કેદારનાથ મંદિરના પરિસરમાં લાશોના ઢગલા થયા ! હજારો પરિવાર નિરાધાર બન્યા, હજારો લોકો ભૂખ્યા તરસ્યા ટેકરીઓ ઉપર પડયા રહ્યાં ! જ્યારે કુદરત રૂઠે છે ત્યારે બધું જ પાયમાલ થઈ જાય છે. અનેક લોકો હાલ અત્યાર સુધી પહાડોમાં - ખીણોમાં ફસાયેલા છે. આપણી ભારતીય સેનાના સૈનિકોને લાખ લાખ સલામ ! પોતાના દેશ બંધુના જીવ માટે પોતાના જાનની પણ પરવા કરતા નથી. આ એજ હિન્દુસ્થાન દેશ છે. સંતોની વિર ભૂમિ, શૌર્ય ભૂમિ, જ્યાં સ્વતંત્રતા માટે અનેક લોકો એ શહીદી વહોરી હતી. અને અંગ્રેજોને દેશમાંથી બહાર કાઢીને શહીદોના બલિદાનનું ઋણ ચૂકવ્યું હતું. આ ભારત દેશ આપણી માતૃભૂમિ છે. આવા સંકટ અને આપત્તિના સમયે કોઈ ઉંચ, નિચ કે જ્ઞાતિના વાડા જોતું નથી અને એકબીજાની મદદે સૌ કોઈ દોડી જાય છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા હરિદ્વાર (કનખલ) અને બદ્રીનારાયણ મંદિરમાં પણ ફસાયેલા યાત્રિકો માટે રહેવા જમવાની ખાસ સુવિધા ઉભી કરવામાં આવી છે.

ઉત્તરાખંડના વિનાશક તાંડવમાં મૃત્યુ પામેલા દરેક જીવ પ્રાણી માત્રને ભગવાન શાંતિ બક્ષે અને તેમના પરિવાર પર આવેલી આપત્તિમાં ધૈર્ય અને બળ પુરૂ પાડે તેમજ ફસાયેલા, ખોવાયેલા યાત્રિક પોતાના સ્વજનને પરત મળે તેવી પરમ કૃપાળુ પરમાત્મા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જૂન-૨૦૧૩)

૧-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર સામત્રા (કચ્છ) પધરામણી.

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા ખાતમુહૂર્ત પ્રસંગે પધરામણી.

૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬ શ્રી સ્વામિનારાયણ મંદિર ખોખરા મહેમદાવાદ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૭ માણેકપુર ગામે કથા પ્રસંગે પધરામણી.

૯-૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર માધાપર (કચ્છ) પધરામણી.

૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર અને ન્યુ રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર મોટી આદરજ (ગાંધીનગર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૬ જૂન થી ૩ જુલાઈ શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડ (અમેરિકા) ૫ મો પાટોત્સવ અને શ્રી સ્વામિનારાયણ મંદિર બાયરન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા અને સત્સંગ પ્રચારાર્થે વિચરણ.

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જૂન-૨૦૧૩)

૧૭ જૂન થી ૪ જુલાઈ-૨૦૧૩, અમેરિકામાં કલિવલેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિર ૫ મો પાટોત્સવ અને શ્રી સ્વામિનારાયણ મંદિર બાયરન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા અને સત્સંગ પ્રચારાર્થે પધરામણી.



# ધર્મભક્તિની તપશ્ચર્યા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આદિ કાળમાં સૃષ્ટિનાં આરંભમાં વિરાટ નારાયણના પુત્ર જગતસૃષ્ટા બ્રહ્માજીના જમણા બાહુમાંથી ધર્મ પુત્ર રૂપે પ્રગટ થયા. અને બ્રહ્માજીના પુત્ર દક્ષ પ્રજાપતિની પુત્રી ''મૂર્તિ''નાં ધર્મની સાથે લગ્ન થયાં. પિતા બ્રહ્માજીએ પુત્ર ધર્મને માનવ સૃષ્ટિના વિસ્તાર માટે જવાબદારી સોંપી. ધર્મ અને મૂર્તિ અનાદિ યુગોથી ભગવાનના જન્મદાતા માતા-પિતા રહ્યા છે. એટલે માનવ સૃષ્ટિના વિસ્તારમાં રુચિ ન હતી. વળી પિતા આજ્ઞા પાળવી એ પણ પુત્રનો ધર્મ છે. એટલે પરબ્રહ્મ પુત્ર રૂપે જન્મ આપવાનો દૃઢ સંકલ્પ બન્ને દંપતિએ કર્યો. ભગવાનને તપ અતિ પ્રિય છે એટલે તપશ્ચર્યા કરીને ભગવાન પાસે પુત્ર રૂપે પ્રગટ થવાનો સંકલ્પ કરી ધર્મમૂર્તિ બન્ને પશ્ચિમ ભારતની પવિત્ર પાવન સાબરમતી (ગંગા)ના કિનારે પર્ણકુટી બનાવીને તપશ્ચર્યા શરૂ કરી. એક પછી એક વર્ષ વિતતા ગયા કઠીન તપશ્ચર્યા શરૂ કરી. એક પગે ઉભા રહી 'ૐ નમો નારાયણાય'' નામના મંત્રનો જપ કરવા લાગ્યા. ઠંડી-ગરમી-તડકો-વરસાદ જેવા ત્રાસદાયક વાતાવરણમાં તપમાંથી ચલાયમાન ન થયાં. જ્યાં હાલ ''નારાયણઘાટ''નો સાબરમતીનો કિનારો જ્યાં પ.પૂ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના કૃપાપાત્ર ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીએ ભવ્ય મહામંદિર બનાવ્યું છે. ત્યાં ધર્મમૂર્તિ એક પગે ઉભા રહીને કઠીન તપશ્ચર્યા કરે છે. એમ કરતાં પોતાની પ્રતિજ્ઞામાં અડગ હતા. ભગવાનને ખૂબજ કસોટી કરી વિલંબ કરતાં કરતાં સત્યયુગનો અંત આવવાનો સમય નજીક આવ્યો. તપ કરતાં ૧૨ (બાર) કરોડ વર્ષો વિતી ગયા. દેહ સુકાઈને અતિ કૃષ થયાં. એવા સમયમાં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન પુરુષોત્તમ નારાયણ ચતુર્ભૂજ દિવ્યરૂપે પ્રગટ થયાં. પ્રભુએ ધર્મમૂર્તિને કહ્યું ! માગો માગો !! હું તમારી કઠીન તપશ્ચર્યાથી ખૂબજ પ્રસન્ન થયો છું. જે માગો તે આપું. ધર્મમૂર્તિ ચાર વાર બોલ્યા કે તમારા જેવો પુત્ર આપો ! ભગવાને તથાડસ્તુ કહ્યું : બન્ને ખૂબજ રાજી થયા. કઠીન તપશ્ચર્યાનો અંત આવતાં. પરબ્રહ્મ ભગવાન ધર્મમૂર્તિના ઉદર થકી ચાર સ્વરૂપે પુત્રરૂપે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર ફાગણ સુદ પૂર્ણિમાના મધ્યાન્હ સમયે પ્રગટ પુત્રરૂપે થયા. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી અખિલ ભૂવનમા જયજયકાર થયો. માતા પિતાએ એક પછી એક જન્મ નામ કરણ-યજ્ઞોપવિત આદિ અનુક્રમે સંસ્કારો કર્યા. પુત્રોનું લાલન પાલન ભક્તિભાવ પૂર્વક કર્યું. ભગવાને માતા પિતાને પુત્ર ભાવે વાત્સલ્ય આપ્યું. હરિ, કૃષ્ણ, નર, નારાયણ. આવા ચાર પુત્રોના નામ કરણ કર્યા. એકજ સાથે પ્રગટ થયા હતા. એટલે નાના મોટાનો કોઈ ભેદ ન હતો. માતા પિતાની આજ્ઞા લઈ અનુક્રમે ચારે પુત્રો પૈકી હરિ નામે વૈકુંઠ ધામમાં પધાર્યા. કૃષ્ણ નામે પુત્ર ગોલોકમાં પધાર્યા. અને નરનારાયણ બન્ને બદરિકાશ્રમમાં તપશ્ચર્યા કરવા પધાર્યા. ધર્મ અને મૂર્તિ બન્ને નરનારાયણની સાથે બદરિકાશ્રમમાં કલાપ નામના ગામમાં રહીને તપ કરી રહ્યા છે. નિત્ય સવારે નરનારાયણ ભગવાન દર્શન આપવા પધારે છે ત્યારે ધર્મમૂર્તિ આદિ અનંત મુક્તો દર્શન કરવા પ્રતિક્ષા કરવા સભાના સ્વરૂપે બેસે છે. પુરાણોના મત મુજબ નરનારાયણ સ્વરૂપે ''કુચિ'' નામક દૈત્યના (૯૯૯) કવચ કાપ્યા. કેમ કે એ દૈત્યએ બ્રહ્મા પાસે વરદાન મેળવ્યા હતા કે જે કોઈ એક હજાર વર્ષ તપ કરે વળી એક હજાર વર્ષ લડાઈ કરે તેજ એક કવચ તોડશે. તો નર અને નારાયણે વારા ફરતી તપ અને લડાઈ કરીને ''કુચિ'' દૈત્યના ૯૯૯ કવચ તોડ્યા બાકી એક કવચ બચતાં ભયભીત થઈને પલાયન થયો અને કુંતિ પુત્ર તરીકે કર્ણ તરીકે જન્મ્યો. તેનું જન્મથી જ કવચ ધારી હતો. તેનું હજારમું કવચ શ્રીકૃષ્ણ અને અર્જુન સાથે મળીને તોડીને દુનિયાનું કુંચિ દૈત્યથી રક્ષણ કર્યું.

બદરિકાશ્રમમાં સત્યયુગથી લઈને કલિયુગના પાંચ હજાર વર્ષ પર્યન્ત ધર્મમૂર્તિ અખંડ તપશ્ચર્યા કરી રહ્યા છે. એ તપોમૂર્તિ દંપતી ઋષિયો - મુનિયો સાધુઓની તપશ્ચર્યાથી ઉત્તમ તપ કરી રહ્યા છે.

કલિયુગમાં અક્ષરાધિપતિ પરબ્રહ્મ પરમાત્માને અનેક જીવોના કલ્યાણ કરવાની અને પ્રેમી ભક્તોની ભક્તિ સેવા અંગીકાર કરવા અને ભક્તોને લાડ લડાવવાની ઈચ્છા થઈ તો, પોતાનું જ સ્વરૂપ બદરિકાશ્રમમાં નરનારાયણ સ્વરૂપનો મુક્તો-ધર્મમૂર્તિ સહિત ભગવાને દુર્વાશાનો શાપ થયાની લીલા કરી અને પુનઃ ધર્મદેવ ઈટાર પાંડે ગામે પ્રગટ થયા અને મૂર્તિ છપૈયા ગામે પ્રગટ થયા. છપિયામાં ધર્મ ભક્તિ રહ્યા અને બીજા સંતાનના ક્રમે સર્વાવતારી પરબ્રહ્મ ભગવાન ધર્મ ભક્તિના ઉદરે પ્રગટ થયા.

ધર્મ અને મૂર્તિ અને નરનારાયણ ભગવાન આ સંપ્રદાયની સફળતાનો આધાર છે. ધર્મ મૂર્તિ અને નરનારાયણની તપશ્ચર્યા વડે આવા કપરા કલિમાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ રહીને પોતાની કૃપા અને તપશ્ચર્યાથી જીવને બ્રહ્મરૂપે કરીને અષ્ટ આવરણથી પાર કરી દે છે. સત્સંગ ભક્તોના ધર્મજ્ઞાન વૈરાગ્ય ભક્તિ ઉપાસનાનું રક્ષણ અને અભિવૃદ્ધિ નરનારાયણદેવ ને ધર્મભક્તિના તપના પ્રતાપે છે. એટલે તો સર્વ પ્રથમ મંદિર અમદાવાદમાં માતા પિતાની મૂર્તિયો પધરાવીને ત્યાર પછીના બધાજ મંદિરોમાં ધર્મ ભક્તિ અને નરનારાયણના સ્વરૂપ સ્વહસ્તે પધરાવ્યા છે.

કેટલાક મંદિરોમાં નરનારાયણ નામે લખવામાં આવે છે તો ક્યાંક રણછોડ ત્રિકમરાય લખાય છે પરતું નરનારાયણનું જ સ્વરૂપ પધરાવેલ છે. અમદાવાદ-ભૂજ-જૂનાગઢનાં મંદિરોમાં તો મધ્ય મંદિરમાં બિરાજે છે. વચનામૃત અમદાવાદ ૬-૭, સારંગપુર-૧૬, ગઢડા પ્રથમ-૪૮, જેતલપુર-૫, જરૂરથી જરૂરથી વાંચજો તો શ્રી નરનારાયણ ભગવાનની પ્રધાનતા વિષે શ્રીજી મહારાજના પ્રસાદીના વચનો સાચી સમજણ આપશે. કોઈ વક્તા હશે તે રુચિ પ્રમાણે વાત કરે પણ શ્રીજી મહારાજ જે બોલ્યા તે જ આપણા માટે કલ્યાણકારી છે.

ધન્ય હો ધર્મ મૂર્તિને ૧ ૨ કરોડ વર્ષની કઠીન સાધના. ધન્ય હો બદરિકાશ્રમમાં ભગવાનના સાનિધ્યમાં રહીને તપશ્ચર્યા કરી. વળી છપિયામાં રહ્યા ત્યારે પણ તપશ્ચર્યાથી પણ અધિક કષ્ટ સહન કરી ભગવાન આપવા અડગ રહ્યાં. ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની પૂજા-દર્શન - સેવા કરતાં પહેલાં સંપ્રદાયના તમામ અનુયાયીઓએ શ્રીજી મહારાજનું સ્વરૂપ શ્રી નરનારાયણ ભગવાન અને ધર્મ મૂર્તિની પૂજા દર્શન સર્વ પ્રથમ કરે તો ઈષ્ટદેવ તત્કાળ પ્રસન્ન થાય. માણસ પણ મા-બાપનું સારુ બોલે તો ખુશ થાય. તો ભગવાન તો મા-બાપને મુકીને માત્ર ભગવાનને પ્રસન્ન કરવા પ્રયાસ કરશે તો પ્રસન્નતા દુર્લભ જાણવી. સંપ્રદાયનો પાયો અને પરંપરા અવશ્ય જાણવી. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના અને આત્મનિષ્ઠા આદિ ધર્મ ભક્તિ અને નરનારાયણનું તપ આપણી સાધનામાં ભળે તો જ નિર્વિઘ્ન રીતે સફળ થશે. તે અવશ્ય જાણજો. વચનામૃત શાસ્ત્રો, પુરાણોના મતે નરનારાયણની વધુ વિસ્તાર આગળના અંકમાં લખાશે.

## આપણા બદ્રીનારાયણ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઉત્તરખંડમાં ફસાયેલા યાત્રિકો માટે વ્યવસ્થા

શ્રી નરનારાયણદેવ દેશ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર બદ્રીનાથમાં (બસ સ્ટેન્ડ પાસે) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આદેશથી આપણા બદ્રીનારાયણ મંદિરના મહંત શા.સ્વામી ગોલોકવિહારીદાસજીએ બદ્રીનારાયણ ધામમાં યાત્રાએ ગયેલા યાત્રિકો ઉત્તરાખંડમાં થયેલા વિનાશક તાંડવ અને પહાડો ધસી પડવાથી રસ્તાઓ એકાએક બંધ થઈ જતા બદ્રીનારાયણમાં ફસાઈ ગયા છે. જેથી આપણા મંદિરમાં ૧૫૦૦ લોકોને આશરો આપવામાં આવ્યો છે. અને ત્યાં રહેવા અને જમવા સાથે દરેક યાત્રિકોની સારી રીતે સાર સંભાળ પણ સંતો રાખી રહ્યાં છે.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બદ્રીનારાયણ મંદિરના મહંત સ્વામીને ખાસ સૂચન કર્યું છે કે ગમે તે યાત્રિક હોય પણ તેને આપણા મંદિરમાં રાખજો, જમાડશો અને તેમની સારસંભાળ રાખજ્યો. જેથી મહંત સ્વામીએ પણ ત્યાં દરેક યાત્રિકો માટે રહેવા, જમવા આદિ વ્યવસ્થા કરી છે.

# ગુરુવર્ય ધર્મવંશી આચાર્યશ્રી

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

સર્વે જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે ભગવાન શ્રીસ્વામિનારાયણ અક્ષરધામમાંથી આ પૃથ્વી ઊપર પધાર્યા અને આ સત્સંગમાં ત્રણ સ્વરૂપે અખંડ પ્રત્યક્ષપણે વિચરવાનું વચન આપ્યું તે મુજબ તેમણે સૌ પ્રથમ અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ અને ત્યાર પછી આઠ ઠેકાણે મંદિરો નિર્માણ કરીને તેમાં પોતાના જ સ્વરૂપો પધરાવ્યાં. ત્યાર પછી પોતે શ્રી શિક્ષાપત્રી લખેલી અને સર્વેને તે જ પ્રમાણે રહેવાની આજ્ઞા કરી અને તે પછી પોતાના સ્થાને ધર્મવંશી આચાર્યોનું સ્થાપન કર્યું. આમ આજે પણ શ્રીહરિ, મૂર્તિ, શાસ્ત્ર અને ધર્મવંશી આચાર્યો દ્વારાએ આ સત્સંગમાં પ્રત્યક્ષ પ્રમાણ વિચરે છે.

આ કળિકાળમાં સાચા ગુરુ મળવા મુશ્કેલ છે. સ્વયં શ્રીહરિએ પણ નિલકંઠ સ્વરૂપે વનમાં ૧૧ વર્ષ તપશ્ચર્યા કરી ત્યારે સ.ગુ. રામાનંદ સ્વામી જેવા સમર્થ ગુરુની પ્રાપ્તિ થઈ. આપણા માટે તો સ્વયં શ્રીહરિએ ગુરુ શોધીને આપ્યા છે. શિક્ષાપત્રી શ્લોક ૩ માં શ્રીહરિ લખે છે કે, આ ધર્મવંશીઓને અમારા દત્તપુત્ર તરીકે લઈને, **'સર્વે સત્સંગીઓના આચાર્યપણાને વિશે સ્થાપન કર્યા છે.'** આપણે શ્રીજીના સાચા આશ્રિત તો જ કહેવાઈએ કે જો આપણા ગુરુ તરીકે એકમાત્ર ધર્મવંશી આચાર્યશ્રી જ હોય. વળી શ્લોક. **૬૨ માં શ્રીહરિ જણાવે છે કે, શ્રીકૃષ્ણનું જે સ્વરૂપ આપણને ધર્મવંશી આચાર્યે આપ્યું હોય અથવા જે સ્વરૂપોની પ્રતિષ્ઠા ધર્મવંશી આચાર્યશ્રીએ કરી હોય તે જ સ્વરૂપ સેવવા યોગ્ય છે. માટે આપણે પણ ધ્યાન-ઉપાસના-સેવા-ભક્તિ ઈત્યાદિક શ્રીકૃષ્ણના એ જ સ્વરૂપોની કરવી કે જેની પ્રતિષ્ઠા ધર્મવંશી આચાર્યશ્રીએ કરી હોય.**

શ્રીહરિએ ધર્મવંશી આચાર્યપદનું સ્થાપન કરી પોતાનું દૈવત તેઓનામાં મૂક્યું અને તે વખતે દેશ વિભાગનો લેખ લખાવડાવ્યો. અને આશ્રિત માત્રને તે પ્રમાણે વર્તવા જણાવ્યું. તેમાં તેઓશ્રી લખાવડાવે છે કે, ''સાધુ, બ્રહ્મચારી તથા પાલા એ સમસ્તના તથા સત્સંગી સમસ્તના તમો બેય ગાદીવાલાને આચાર્ય સ્થાપ્યા છે. ને **તે સર્વે નિરંતર તમારી આજ્ઞામાં રહેશે ને તમારી સેવા કરશે.** ને શ્રીધર્મવંશના બેય ગાદીવાલા આચાર્ય વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય શાસ્ત્રે તથા જોગે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથી શ્રી ધર્મવંશના બે ગાદીવાલા આચાર્ય ન્યૂનપણે જાણ્યામાં આવે તો પણ, સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા સમસ્ત તથા સત્સંગી સમસ્તને અમારી એમ આજ્ઞા છે કે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાલા આચાર્યને સદાકાલ નિરંતર માનજ્યો. ને મન-કર્મ-વચને આજ્ઞામાં રહેજ્યો ને તેમાં ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈ કાલે સુખ થાશે નહિ ને અતિ કષ્ટને પામશે.''

આ ગુરુ તો સ્વયં શ્રીહરિએ આપણને આપ્યા છે અને એવું વરદાન આપ્યું છે કે તેમની સેવા કરવાથી આપણને મનોવાંછિત ફળની પ્રાપ્તિ થશે. વળી શિક્ષાપત્રી શ્લો. ૭૧ માં આપણને આપણી શક્તિ મુજબ ધર્મવંશી આચાર્યોને પૂજવાની આજ્ઞા કરી તે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૪૦ માં લખે છે કે,

**માટે ધર્મકુળ માનજો સહુ કરજો એની સેવ,**
**અન્ય જન જેવા એહ નહિ, એ છે જાણજો મોટા દેવ.**
**મનવાંછિત વાત મળશે, વળી સેવતાં એનાં ચરણ**
**એ છે અમારી આગન્યા, સર્વે કાળમાં સુખ કરણ**
**એને પૂજે હું પૂજાણો રે, તે તો જરૂર જનમન જાણો રે**
**એનું જેણે કર્યું સનમાન રે, તેણે મારું કર્યું છે નિદાન રે,**

વધુમાં આપણા કલ્યાણને અર્થે શ્રીહરિએ આજ્ઞા કરી કે, પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો. કેમ કે તેઓ તો શ્રીજીનું અપર સ્વરૂપ છે. તેમનામાં શ્રીહરિ અખંડ નિવાસ કરીને રહ્યા છે. તે જેવી પરમાત્માની ઈચ્છા હોય તે પ્રમાણે તેઓશ્રી આપણા હિતને માટે કાર્ય કરતા હોય છે. તેથી આપણે પણ આ આજ્ઞાના અનુસંધાને તેમના પ્રત્યે અખંડ દિવ્યબુદ્ધિ રાખીને જ વર્તવું પણ ક્યારેય મનુષ્યભાવ આવવા દેવો નહિ. આજના યુગ પ્રમાણે આપણે મંદિરના વહીવટમાં કોઈ હોદ્દા ઉપર હોઈએ તેમ છતાં પણ, આપણા આત્યંતિક કલ્યાણના કરતલ તો એક શ્રીજી મહારાજ જ છે તે ભૂલવું નહિ.

અને શ્રીજીની આજ્ઞા પ્રમાણે જ રહેવું.

શ્રીહરિના અપર સ્વરૂપ એવા આ ધર્મવંશી આચાર્યશ્રીને જ્યારે ગાદીએ બેસાડવાની વિધિ થાય છે ત્યારે તો, તેત્રીસ કરોડ દેવતાઓ પણ સૂક્ષ્મ રૂપ ધારણ કરીને તેઓના દર્શન કરવા અને આશીર્વાદ લેવા માટે ત્યાં હાજર થાય છે. કેમ કે આખા બ્રહ્માંડમાં માત્ર આ શ્રી નરનારાયણદેવ દેશ અને શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ એમ બે જ ગાદી શ્રીહરિએ સ્થાપી છે. આપણે તો બડભાગી છીએ કે આ સ્વરૂપોના આપણને નિત્યપ્રત્યે દર્શન થાય છે.

જગતમાં આજે કળિયુગના ધર્મ પ્રમાણે, ક્ષુલ્લક જીવોને પણ ગુરુ થવાનો મહારોગ લાગુ પડ્યો છે ! શિષ્યો કરતાં ગુરુઓની સંખ્યા વધી પડી છે ! દરેકને ગુરુ થવાના અભરખા જાગ્યા છે. પણ શતાનંદ મુનિ સત્સંગિજીવન પ્ર. ૪ અ. ૮૨ શ્લો. ૯ માં જણાવે છે કે, જેમ અમાત્યકૃત પાપને રાજા પામે છે, જેમ પત્નીકૃત પાપને તેનો પતિ પામે છે, તેમ શિષ્યકૃત પાપને ગુરુ નિશ્ચે જ પામે છે. ધર્મવંશી આચાર્ય તો શ્રીજી વચને આપણા ગુરુ થયા છે તેથી આપણા પાપનો બોજ ઝીલવા તેઓ સક્ષમ છે પણ અન્ય જીવોથી આમ નહિ થાય. આ ઊરમાં વિચારીને ગુરુ થવાના અભરખા મૂકીને ધર્મવંશી આચાર્યના શિષ્ય થવામાં આપણું કલ્યાણ છે તે સમજવું. શ્રીજી કહે છે કે,

**જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે,**
**માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે.**

(પુ.પ્રકાશ પ્રકાર ૩૯ કડી ૮)

જગતમાં બીજા કહેવાતા ભગવાનો, આચાર્યોમાં અને શ્રીજી સ્થાપિત ધર્મવંશી એવા આ બે દેશની ગાદીના આચાર્યશ્રીઓમાં ઘણો ફેર છે. એક આ જીવને કલ્યાણના માર્ગ થકી પાડે છે અને બીજાનું લક્ષ્ય માત્ર આ જીવનું આત્યંતિક કલ્યાણ કેમ થાય તે છે. એક શ્રીજીના વચનોથી વિમુખ વર્તે છે જ્યારે બીજા શ્રીજીની આજ્ઞાએ કરીને ગાદીપતિ થયા છે. કલ્યાણ ક્યાંય વેચાતું મળતું નથી. કલ્યાણ તો પ્રગટ પ્રભુના આશરે કરીને છે. આ પ્રગટ પ્રભુનો આશરો ધર્મવંશી આચાર્ય પાસેથી મંત્રદીક્ષા લીધા વિના થતો નથી. માટે આપણે આપણા કલ્યાણને અર્થે ધર્મવંશી એવા આચાર્યનું શરણ ગ્રહણ કરવું એજ સારમાં સાર છે.

શ્રીહરિએ જણાવ્યું કે, (પુ.પ્રકાશ પ્ર. ૩૯ કડી ૫ અને ૬)

**મારા ધામમાં આવવા સહુ રે, એવા કર્યા ઊપાય મેં બહુ રે,**
**સર્વે ઉપાય કીધા છે સારા રે, તેમાં તરશે જીવ અપારા રે,**
**પણ છેલ્લો છે આજે ઉપાય રે, બહુ જીવ તરશે આ માંય રે**
**ધર્મવંશી અચારજ ધાર્યા રે, ગુરુ કરીને ગાદીએ બેસાર્યા રે.**

શ્રીહરિના આ અથાગ દાખડા સામું જોઈને તથા હેતના વચનો ઊરમાં ધારીને સર્વે સંત હરિભક્તોને અતિશય ધર્મલાભ થાય તેવા રૂડા આશય માત્રથી જ આ વર્ષની **ગુરુપૂર્ણિમાં તા. ૨૨-૭-૨૦૧૩ ના દિને શ્રી નરનારાયણદેવ દેશના પૂર્વ પીઠાધિપતિ, ધર્મમાર્તંડ પ.પૂ.ધ.ધુ. શ્રી મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ગુરુપૂજન અતિ પવિત્ર એવા આ મૂળી દેશમાં શ્રી રાધાકૃષ્ણદેવના મંદિરમાં આયોજીત કરવામાં આવ્યું છે. તેઓશ્રીના પૂજનથી સાક્ષાત્ શ્રીહરિનું પૂજન થાય છે તે નિઃશંક છે. તેથી સર્વે સંત હરિભક્તો શ્રીજીના આ અપર સ્વરૂપના પૂજન-સત્સંગનો લાભ જરૂરથી લેજ્યો.** મનુષ્ય દેહની ક્ષણભંગુરતા જોઈને હવે કાંઈ રાહ જોશો નહિ. બીજું કાંઈ વિચારશો નહિ. શ્રીજી અને નંદ સંતોની વાણી વચનોનો વિશ્વાસ રાખીને ધર્મવંશી આચાર્યશ્રીને અન્ન-ધન-વસ્ત્રે કરીને પૂજી લેજ્યો. જે સંપત્તિ ધર્મકાર્યમાં ઉપયોગમાં આવતી નથી તે સંપત્તિ આસુરી સંપત્તિ બની જાય છે. માટે આપણે વિવેકબુદ્ધિ રાખીને આ કિંમતી ક્ષણનો ઊપયોગ પોતાના કલ્યાણને અર્થે કરી લેવો. વારે ઘડીએ આ જીવને આવો યોગ મળતો નથી તે સમજવું.

અમદાવાદ શ્રી ન.ના.દેવ દેશના આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીની સ્થાપના કરીને પછી શ્રીહરિએ આ બ્રહ્મમુનિને અ.પ્ર.શ્રીની સેવામાં મૂક્યા અને તેઓશ્રીએ આદિ આચાર્યશ્રીના હાથ તરીકે આજીવન રહીને ધર્મકુળની સેવા કરી અને તેમતે ધર્મવંશીના દશોંદિ ગણાયા. આ મહાન સંતના મૂળી ધામમાં જ, આટલા વર્ષો પછી ફરી પાછું ધર્મવંશી આચાર્યશ્રીનું પૂજન થશે તેથી આ અદ્વિતિય પ્રસંગે આપણે અચૂક હાજર રહેવું જોઈએ.

આપ સૌ સંત હરિભક્તોની સેવામાં મૂળી મંદિરના મહંતશ્રી સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી તથા સર્વે સંત મંડળ તત્પર છે. સર્વેને હેતપૂર્વકના જયશ્રી સ્વામિનારાયણ.

દરેક મંદિરોના મહંતશ્રી, વ્યવસ્થાપકશ્રી વગેરેને નમ્ર વિનંતી છે કે આ પત્ર, પ્રતિદિન મંદિરમાં કથા મંડપમાં અચૂક વાંચવો.

# પ્રેમની પરાકાષ્ઠા

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

એ માણસ મુમુક્ષુ હતો. સાત્વિક પ્રકૃતિનો હતો. સીધો સાદો સરળ હતો. દૈવી જીવ હતો. આસ્તિક, શ્રધ્ધાળુ અને દયાવાન હતો. એની પાસે થોડી જમીન હતી તે ખેડી ખાતો. સંતોષથી જીવતો. તેને એક વિચાર અવાર-નવાર આવતો કે મારું કલ્યાણ કેવી રીતે થાય? એને થયું કે ભગવાન શંકર ભોળાનાથ છે. દેવોના દેવ મહાદેવ છે મહેશ્વર છે તે જલ્દી પ્રસન્ન થઈ જાય એવા દેવ છે માટે તેમની સેવા પૂજા કરું તો ઠીક રહેશે. અહીંથી થોડે જ દૂર સમુદ્રકાંઠે નાના ગોપનાથ પાસે નકલંક મહાદેવ વિરાજે છે ત્યાં જઈ તેમનું આરાધન કરું. આવો વિચાર કરી તેણે પોતાની પત્નીને વાત કરી અને ઘેરથી નીકળી ગયો.

એ માણસનું નામ પુંજાજી. જ્ઞાતિએ રાજપૂત. પાણવી ગામમાં રહેતો. નકલંક મહાદેવના મંદિરે પહોંચી ગયો. શિવલીંગને બાથ ભરીને શિવ સ્મરણ કરવા લાગ્યો. ઓમ નમો શિવાય, ઓમ નમો શિવાય જાપ શરૂ કર્યા. એવામાં એક દિવસ સમુદ્રમાં મોટી ભરતી આવી. મહાદેવજીને જળાભિષેક કરતી ગઈ અને પુંજાજીને મોજાના જોરથી દૂર ફંગોળતી ગઈ. પુંજાજી ઉભા થયા. કપડાં બધા ભીના થઈ ગયા હતા. ભીને કપડે ફરી શ્રધ્ધાપૂર્વક શિવલીંગ પાસે ગયા. લીંગ ઉપર હાથ મુકી જાપ શરૂ કર્યા. થોડીવાર થઈ ત્યાં તેમણે અંતરિક્ષમાંથી અવાજ સાંભળ્યો તું તારે ઘેર પાછો જા. સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે. તેમના સંતો તારે ઘેર આવશે એ તને કલ્યાણનો રસ્તો દેખાડશે. આકાશવાણીથી ખુશી થાતો તે ઘેર ગયો અને ખેતીનું કામ કરવા લાગ્યો. તેણે સ્વામિનારાયણનું નામ સાંભળ્યું હતુ ખરું, પણ તે ભગવાન છે એવો ભાવ તેને ન હતો.

એક દિવસ પુંજાજી ગામ બહાર આવેલા હવાડામાં બળદને પાણી પાતા હતા એવામાં તેણે ભગવા વસ્ત્રો પહેરેલા બે સાધુને જોયા. તેણે પૂછ્યું, તમે સ્વામિનારાયણના સાધુ છો ? સાધુએ કહ્યું, હા ભગત, જય સ્વામિનારાયણ!

પુંજાજી બોલ્યા મારે ઘેર પધારો. જમવાનું પણ ત્યાં જ રાખજો. મારે તમને કંઈક પૂછવું છે. ભક્તનો ભાવ દેખી સાધુ તેના ઘેર ગયા. ઠાકોરજીને જમાડ્યા. જમીને બેઠા ત્યારે પુંજાજીએ પૂછ્યું, આ સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે એ સાચી વાત છે ? સંતો બોલ્યા, હા ભગત, સાવ સાચી વાત છે. સ્વામિનારાયણ ભગવાન છે અને એ અમારા ઈષ્ટદેવ છે. વ્યાસ મુનિએ બાર હજાર શ્લોકનું એક બ્રહ્માંડ પુરાણ લખ્યું છે. એમાં તેમણે એક શ્લોક એવો લખ્યો છે જેમાં કળિયુગમાં ધર્મદેવ નામના એક વિપ્રને ઘેર તેમના પુત્ર તરીકે ભગવાનનો અવતાર થશે એવું જણાવ્યું છે. એ અવતાર તે જ આ સ્વામિનારાયણ ભગવાન છે.

પુંજાજીએ પૂછ્યું, મારે તમારા પંથમાં ભળવું હોય તો શું કરવું?

સાધુએ કહ્યું, ભગત ! આપણો પંથ ઉધ્ધવ સંપ્રદાય કહેવાય છે અને તે સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે પણ ઓળખાય છે. અમે તમને વ્રતમાન ધરાવીએ. તમારે અમારી જેમ તિલક કરવું, ચાંદલો કરવો, કંઠી પહેરવી. રોજ ઠાકોરજીની પૂજા કરવી. તેમને જમાડવા અને પછી તમારે જમવું. અમારા પાંચ વ્રતમાન છે તે તમારે પાળવા. દારૂ વગેરે કેફી પીણાં ખાવા-પીવા નહિ. માંસ ભક્ષણ કરવું નહિ. ચોરી કરવી નહિ. વ્યભિચાર કરવો નહિ તથા પોત પોતાના વર્ણના ધર્મો અનુસરવા. આટલું કરો એટલે તમે સત્સંગી થયા કહેવાઓ. નજીકમાં કારિયાણી ગામ છે ત્યાં વસ્તા ખાચરના દરબારમાં ભગવાન અવાર-નવાર પધારે છે તમે ત્યાં જઈને બાપુને કહી આવજો કે શ્રીજી મહારાજ જ્યારે પધારે ત્યારે ખબર મોકલાવે.

એક દિવસ ઝમરાળાના જીવા દવે કારિયાણીના દરબારમાં ભિક્ષા વૃતિએ આવ્યા. શ્રીહરિ એ વખતે કારિયાણી જ હતા. વસ્તાખાચરે જીવા દવેને કહ્યું, તમને લોટની તાંબડી ભરી આપીએ છીએ, તમે અત્યારે પાણવી જાઓ, પુંજા ડોડિયાને ખબર કરો કે મહારાજ કારિયાણી આવ્યા છે.

પુંજા ડોડિયા ખેતરમાં સાંતી હાંકતા હતા તેને જોઈ દવેજીએ દૂરથી બૂમ પાડી હે....ય પુંજાભાઈ ! હે.....ય

પુંજાભાઈ ! સ્વામિનારાયણ ભગવાન કારિયાણી પધાર્યા છે. પુંજાજીએ બળદ સહિત સાંતીડાને ઘેર તરફ તગડી મુક્યું. દવેજીને કહ્યું, તમે મારા ઘરવાળાને જરીક ખબર કરજો કે હું કારિયાણી જાઉં છું.

પુંજાજી અડવાણે પગે ચલાતા થયા. વસ્તા ખાચરના દરબારમાં પહોંચી ગયા. દરબારને પૂછ્યું, સ્વામિનારાયણ ભગવાન ક્યાં ! વસ્તા ખાચરે કહ્યું, મહારાજ તો હમણાં જ અહીંથી સારંગપુર ગયા. ભૂખ્યા અને તરસ્યા પુંજાજીએ સારંગપુરની વાટ પકડી. ભગવાનને મળવા માટે ખૂબ આતુર છે. મનમાં ઉમંગ છે, ઉત્સાહ છે. આનંદ છે, હોંશ છે. તેના કેફમાં દોડ્યા જાય છે. અત્યારે તેમને એક જ લક્ષ્યાંક હતું. શ્રીહરિનાં દર્શન કરવાં.

સારંગપુર જતાં રસ્તામાં, સજેલી વજેલી નામનું એક ગામ આવે છે. તે ગામની નજીકમાં એક ખીજડો હતો તેના છાંયે બે ઘડી બેસવા શ્રીહરિએ ઈચ્છા કરી. નાજા જોગિયાએ આસન બિછાવી આપ્યું. મહાપ્રભુ ત્યાં બેઠા. નાજાને કહ્યું, કોણ જાણે કેમ આજે તરસ નથી છીપતી. પાણી લાવો પીએ. બે ઘૂંટડા પીવે અને પાછું આપી દે. વારે વારે પાણી માગે. થોડુંક પીવે અને પાછું આપી દે. પછી પોતે ઊભા થયા. ખીજડા ઉપર ચડીને કારિયાણીના માર્ગે નજર કરી પોતાનો ભક્ત ભૂખ્યો - તરસ્યો આવી રહ્યો છે. અતિશય તરસ લાગી છે. ગળું સૂકાય છે. સોસ પડે છે. પગલાં પણ ધીમા પડતાં જાય છે છતાં હિંમત રાખી ધીરજથી ચાલ્યો આવે છે.

શ્રીહરિ નીચે ઉતર્યા. નાજાને કહ્યું ઠંડા પાણીની બતક લાવો. મારો એક ભક્ત ભૂખ-તરસ વેઠતો ચાલ્યો આવે છે તેને પાણી પાવા માટે જાવું છે. મહારાજે કોઈ હરિભક્તને કહ્યું નહિ કે તમે પાણી લઈને જાઓ. તેમજ કોઈ સંતને પણ કહ્યું નહિ કે તમે પાણી લઈને સામા જાઓ. સ્વયં પોતે જ પાણીની બતક લઈ ભક્તને પાણી પાવા સામે ગયા. પુંજાજીને હેતપૂર્વક પાણી પાયું પછી બાથમાં લઈને ભેટ્યાં. પુંજાજીના શરીરમાં બત્રિસેય કોઠે દીવા પ્રગટ્યા. શરીરનો થાક ઉતરી ગયો. મનમાં શીતળતા વ્યાપી ગઈ. હૃદયમાં શાંતિ થઈ ગઈ. હરિદર્શનનો પોતાનો સંકલ્પ સિધ્ધ થયો. ભક્તની સાથે શ્રીહરિ પાછા ખીજડા હેઠળ આવીને બેઠા. નાજાને કહ્યું, નાજા ! હવે અમારી તૃષા જાણે આપો આપ મટી ગઈ એવું લાગે છે !

આ પ્રસંગ બન્યા પછી કેટલાક સમયે ભગુજી ખડ લેવા માટે ભાલ દેશમાં જતા હતા તે રસ્તામાં પાણવીને પાદર હવાડામાં ઊંટને પાણી પાતા હતા. તે વખતે પુંજાજી ખેતરે જતા હતા. તેમણે ભગુજીને જોયા ઉભા રહ્યા. પરસ્પર જય સ્વામિનારાયણ કહ્યા. પુંજાજીએ ભગુજીનો શોકાતુર ચહેરો જોઈ પૂછ્યું, તમે ઉદાસ જેવા કેમ જણાઓ છો ?

પુંજાભાઈ ! મહારાજ ધામમાં પધાર્યા. તેમની ઉત્તરક્રિયામાં હજારો સત્સંગીઓ આવશે તેથી તેમા ઘોડા તથા બળદો માટે ઘાસ લેવા સારુ ભાલ દેશમાં જાઉં છું.

હેં ! પુંજાજી સમાચાર સાંભળી હેબતાઈ ગયા. દિગ્મૂઢ થઈ ગયા. ગળે ડૂમો ભરાઈ ગયો. મોઢા પરનું નૂર ઊડી ગયું. શરીર શ્યામ પડી ગયું. લાકડા જેવા સ્થિર અને સૂનમૂન થઈ ગયા. ભગુજી હિંમત આપતા હતા. એવામાં શ્રીહરિએ પ્રેરક થઈ તેમના હૃદયમાં ધીરજનો સંચાર કર્યો. ત્યારે પોતે સ્વસ્થતા પ્રાપ્ત કરી. તે જ ઘડીયે શ્રીજી મહારાજની ઉત્તર ક્રિયામાં સેવા કરવા માટે ગઢપુર પહોંચી ગયા. પોતે અનાજ છોડી દીધું હતું. છતાં પણ શ્રીહરિના તેરમાં સુધી સંતો-હરિભક્તોની સેવા કરી તેરમાની વિધિ પુરી થતા દેશ દેશથી આવેલા હરિભક્તો પોતપોતાને ગામ પાછા જવા લાગ્યા. પુંજાજીને લાગ્યું કે હું હવે નોધારો થઈ ગયો ! બાળકની જેમ રોવા લાગ્યા. કહેવા લાગ્યા કે હે મહારાજ મારાથી તમારો વિયોગ સહન નથી થતો. મને આવીને તેડી જાઓ. હું તમારા વિના નહિ જીવી શકું. શ્રીહરિએ તેમનો આર્તનાદ સાંભળ્યો. તરત વિમાન લઈને આવ્યા. પુંજાજીને કહ્યું, ભગત ! ચાલો, મારી સાથે ચાલો. તમને મારા ધામમાં લઈ જાઉં. શ્રીહરિએ પુંજાજીનો હાથ પકડીને વિમાનમાં બેસાડ્યા. પોતાના ધામમાં લઈ ગયા.

**કોઈ કટારી કર મરે કોઈ મરે વિષ ખાય,**
**પ્રીતિ ઐસી કીજિયે હાય કરે જીવ જાય.**

વહાલી વ્યક્તિનો વિયોગ સહન નહીં થતાં તેને માટે પોતાનો જાન ન્યોછાવર કરી દે તે હેતની ઉત્કૃષ્ટ મનોદશા છે. ધન્ય છે એવા પ્રેમી ભક્તને !

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઉજવાશે ભાદરવા સુદ ૪ ને ગણેશ ચતુર્થી

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કરેલ આજ્ઞા પ્રમાણે તથા પ.પૂ.મોટા મહારાજશ્રીનાં સંકલ્પના બળે કરીને આપણા મ્યુઝિયમમાં હવેથી ગણેશ ચતુર્થી, હનુમાન જયંતી અને શીવપૂજન ઉત્સવ ઉજવવામાં આવનાર છે જે અંતર્ગત આગામી ગણેશ ચતુર્થી તા.૦૯-૦૯-૨૦૧૩ને સોમવારે બપોરે ૩.૦૦ કલાકે ગણપતિ પૂજનનો પ્રારંભ થશે અને સાંજે ૬.૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પૂર્ણાહુતિ થશે.

તો જેમને ગણપતિ પૂજનનો લાભ લેવો હોય તેમણે મ્યુઝિયમમાં ફોનથી અથવા રૂબરૂ સંપર્ક કરવો.

### ઉપરોક્ત શ્રી ગણપતિજીની મૂર્તિની વિશેષતા :-

જેમ મુખ્ય હોલ નંબર ૮માં સર્વાવતારી શ્રીહરિએ સ્વયં પૂજેલા શ્રી નરનારાયણ દેવ બિરાજમાન છે. જેના અભિષેકનો અગણિત હરિભક્તો લાભ લે છે. તે પ્રમાણે આપણા મ્યુઝિયમમાં સ્વયં સર્વાવતારી શ્રી હરિએ પૂજેલ હનુમાનજી અને ગણપતિજીની કાળા પથ્થરની મૂર્તિઓ બિરાજમાન છે. જેના અભિષેક પૂજનનો લાભ સૌ હરિભક્તો લઈ શકે તે હેતુથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ગણેશ ચતુર્થીને દિને ગણપતિજીનો અભિષેક, શ્રાવણ મહિનામાં શીવલીંગનો અભિષેક અને હનુમાન જયંતીના દિને એજ પ્રસાદીના શ્રીહરિએ પૂજેલ શ્રી હનુમાનજીનો શાસ્ત્રોક્ત વિધિથી અભિષેક કરવામાં આવશે.

ગણપતિ પૂજન માટે યજમાન પદ માટે રૂ.૧૧૦૦૦/- ભરીને લાભ લેવાનો રહેશે. જગ્યા મર્યાદિત હોવાથી વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવું.

મો. ૯૯૨૫૦૪૨૬૮ ● લેન્ડ લાઇન. ૦૭૯-૨૭૪૮૪૫૯૭



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જૂન-૨૦૧૩

| | |
|---|---|
| રૂા. ૧,૦૧,૦૦૦/- | ડાહ્યાભાઈ નારણદાસ પટેલ, વિમળાબેન ડાહ્યાભાઈ પટેલ માણસાવાળા, પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ દિન નિમિત્તે. |
| રૂા. ૬૦,૧૧૧/- | નટવરભાઈ લાલજીભાઈ વન્ડરા, હ. ઈલાબેન, નારણપુરા. |
| રૂા. ૫૧,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા, અમદાવાદ. |
| રૂા. ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ, ધરમપુરવાળા. |
| રૂા. ૭,૫૦૧/- | અ.નિ.પ.ભ. અનંતરાય મણીલાલ ધોળકિયા પરિવાર, હ. ધ્રુવિ, મુંબઈ. |
| રૂા. ૭,૩૪૫/- | સાં.યો. નાનબાઈ ગુરુ ધનબાઈ, માનકુવા-કચ્છ. (પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની ચરણ ભેટ) |
| રૂા. ૬,૦૦૦/- | ભાઈલાલભાઈ પોપટલાલ પટેલ, જોષીપુરા. |
| રૂા. ૫,૫૫૫/- | ભુડીયા કાંતિભાઈ કેશરા ફોટડી-કચ્છ (ઈસ્ટ લંડન) |
| રૂા. ૫,૧૦૦/- | અ.નિ. હરિભાઈ જેસંગભાઈ પટેલ, રણછોડપુરા. |
| રૂા. ૫,૦૦૧/- | અ.નિ. તારાગૌરી જયંતીલાલ વડોદરીયા, અમદાવાદ. |
| રૂા. ૫,૦૦૧/- | ચિ. જશના જન્મ નિમિત્તે, અમદાવાદ. હ. જીતેન્દ્રભાઈ જે. વડોદરીયા |
| રૂા. ૫,૦૦૦/- | સુરેશભાઈ વિઠ્ઠલભાઈ, વાવોલ |
| રૂા. ૫,૦૦૦/- | પરસોતમદાસ ખીમજીભાઈ પટેલ, કરજણ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી, બોપલ. |
| રૂા. ૫,૦૦૦/- | પ્રકાશ સેલ્સ એજન્સી, અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | અરવિંદાબેન હસમુખભાઈ સોની, હ. હસમુખભાઈ, અમદાવાદ. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જૂન-૨૦૧૩

તા. ૦૫-૦૬-૧૩ સવારે અ.નિ.પ્રભુદાસભાઈ ઉમેદભાઈ પટેલ - મેમનગર હ.કેનોપી ભૂપેન્દ્રભાઈ

સાંજે ઈશ્વરભાઈ પ્રભુદાસભાઈ પટેલ, ભારતીબેન ઈશ્વરભાઈ પટેલ કુંડાળ હાલ મુંબઈ (લગ્નના ૫૦ વર્ષ નિમિત્તે)

તા. ૦૬-૦૬-૨૦૧૩ પ.પૂ.અ.સૌ. મોટાગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ.ગાદીવાળાશ્રીની પ્રેરણાથી સાં.યો.નાનબાઈ ગુરૂ અ.નિ.સાં.યો. ધનબાઈ -માનકૂવા -કચ્છ

તા. ૦૮-૦૬-૨૦૧૩ જગદીશભાઈ કેશવલાલ પટેલ હ. ભરતભાઈ રાણીપ

તા. ૦૯-૦૬-૨૦૧૩ શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ સમૂહ મહાપૂજા હ.નરેશભાઈ પટેલ, અમદાવાદ ય

તા. ૦૯-૦૬-૨૦૧૩ વિનોદભાઈ લાલજીભાઈ (કચ્છ), પ્રવેશભાઈ મણીલાલ સોની, અમદાવાદ.

તા. ૧૬-૦૬-૨૦૧૩ અ.નિ.અમૃતભાઈ નરસિંહભાઈ પટેલ હ. જતીન તથા રિતેષ મણીનગર-અમદાવાદ

તા. ૨૩-૦૬-૨૦૧૩ પટેલ જયંતિભાઈ નારણભાઈ પ્રભુદાસ - ઉનાવા

તા. ૩૦-૦૬-૨૦૧૩ નટવરલાલ લાલજીભાઈ વંડરા હ. સુધીરભાઈ વંડરા - અમદાવાદ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**





# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## પાકો ભક્ત કોને કહેવાય ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

**કેરી કાચી પણ હોય અને પાકી પણ હોય**
**કેળુ કાચું હોય ને પાકું પણ હોય**
**જામફળ કાચું હોય ને પાકું પણ હોય**
**રોટલી કાચી હોય ને પાકી પણ હોય**
**ખીચડી કાચી હોય ને પાકી પણ હોય**
**શીરો કાચો હોય ને પાકો પણ હોય**
**ઘડો કાચો હોય ને પાકો પણ હોય**

આ બધી વાતો તો સમજયા કે કાચી કોને કહેવાય ને પાકી કોને કહેવાય. પરંતુ સ્વામિનારાયણ ભગવાન કહે છે કે ભક્ત પણ કાચા હોય અને પાકા પણ હોય. તો પ્રભુ ને જ પૂછીએ કે પ્રભુ ! ભક્ત પાકો કોને કહેવાય ? જવાબમાં સ્વામિનારાયણ ભગવાન કહે છે કે - નિયમ, નિશ્ચય અને પક્ષ આ ત્રણવાનાં જેનામાં દ્દઢ હોય તે પાકો ભક્ત કહેવાય. અને જેનામાં આ ત્રણ વાના દ્રઢ ન હોય તે કાચો ભક્ત !! હવે તો સમજાઈ ગયું ને, ભક્ત પણ કાચાને પાકા હોય છે. તો આ ત્રણ વાનામાં સૌથી પહેલી વાત છે નિયમની. તો ચાલો આજે આપણે નિયમ વિશે વાત કરીએ. એમાં પણ મુખ્ય અગિયાર નિયમની. વાત આવે છે. કોઈ તમને પૂછે કે ભાઈ તમે કોની ભક્તિ કરો છો ? તમે કહેશો સ્વામિનારાયણ ભગવાનની. એ સંપ્રદાયમાં તમારા સ્વામિનારાયણ ધર્મના મુખ્ય નિયમો શું ? ત્યારે આપણે શું જવાબ આપીએ !!! મંદિરમાં ચાલો. સ્વામીજી તમને કહેશે. સાંજે મારી સાથે આવજો. તો આપણને આપણા જ સંપ્રદાયના આપણા જ ધર્મના અગિયાર નિયમોની માહિતી ન હોય તો તે નિયમોનું પાલન કઈ રીતે થાય !!

આ અગિયાર નિયમો તમામ સત્સંગી બહેનો-ભાઈઓ બાળકો સૌને યાદ રહે એટલા માટે દૈનિક પ્રાર્થનામાં ઉમેર્યા છે. સ્વામિનારાયણ ભગવાને પ્રેમાનંદ સ્વામીને આજ્ઞા કરી કે આપણા અગિયાર નિયમો છે એ દરરોજ હરિભક્તો બોલે એવું કાંઈક કરો. સ્વામીએ એક એવું પ્રાર્થનાનું પદ બનાવ્યું અને એ પ્રાર્થનાપદમાં દરરોજ આ અગિયાર નિયમો બોલાય છે. દરરોજ સાંજે સંધ્યામાં આપણે જ્યારે ઠાકોરજીને સાષ્ટાંગ નમસ્કાર કરીએ છીએ ત્યારે પ્રેમાનંદ સ્વામીનું આ પદ બોલીએ છીએ.

**"નિર્વિકલ્પ ઉત્તમ અતિ,**
**નિશ્ચય તવ ઘનશ્યામ"**

આ પ્રાર્થના પદ છે. એમાં પહેલા સ્વામીએ સાત વસ્તુ માંગી છે. પ્રાર્થનામાં ભગવાન પાસે સાત માંગણીઓ મુકવાની અને એ સાત માંગણી પુરી થાય પછી આ અગિયાર નિયમો આવે છે. આજે તો આપણે અગિયાર નિયમોની જ વાત કરીશું. એ અગિયાર નિયમો શિક્ષાપત્રીમાંથી ચૂંટેલા છે. સ્વામી શરૂઆતમાં કહે છે -

**"સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ,**
**તાકું હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ."**

સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોએ શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું જોઈએ. એ શિક્ષાપત્રીમાં ભક્તસુખ માટે અનેક નિયમો-આજ્ઞાઓ છે એમાં મુખ્ય મુખ્ય મહત્વના જે નિયમો છે એ અગિયાર છે.

**"સો પત્રી મેં અતિ બડે, નિયમ એકાદશ જોય;**
**તાકિ વિકિત કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય."**

એ અગિયાર નિયમ આપણે અત્યારે યાદ કરીએ. સૌથી પહેલું નિયમ -

**"હિંસા ન કરની જંતુ કી"**

જીવ પ્રાણી માત્રની હિંસા ન કરવી. અહિંસા એ

મોટામાં મોટું તપ છે. અહિંસા એ સર્વોત્તમ ધર્મ છે. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે સૌથી મોટો સદાચાર ક્યો ? અહિંસા. તો અમારા સંપ્રદાયના આશ્રિતોએ પાયાના સિદ્ધાંતમાં અહિંસા તો જોઈશે જ. સ્વામિનારાયણ ભગવાને જે અહિંસાનો ઉપદેશ કર્યો છે તેની શરૂઆત સુક્ષ્મ હિંસાથી કરી છે. રોજીંદી જીવનચર્યામાં પણ જો ધ્યાન ન રાખો તો પાણી પીવામાં હિંસા, ધ્યાન ન રાખો તો રાંધવામાં, ખાવામાં, હિંસા, એટલે જે સુક્ષ્મ હિંસાથી બચે તેજ મોટી હિંસાથી બચી શકે છે. હિંસાની બાબતમાં સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં ખૂબજ સ્પષ્ટતાઓ કરી છે. જે શાંતિથી વાંચીને વિચારવા જેવી છે. તો આપણે અહીં અગિયાર નિયમોમાંથી સૌથી પહેલું નિયમ - ''હિંસા ન કરની જંતુ કી'' એના વિશે જાણ્યું. હવે બીજું નિયમ આવે છે.

**''પરત્રિય સંગ કો ત્યાગ''**

ગૃહસ્થાશ્રમીએ બ્રાહ્મણ અને અગ્નિની સાક્ષીએ લગ્ન કર્યા એ પતિ-પત્ની છે. બાકી બીજે જે એની દૃષ્ટિ ભમે તો એના જેવું કોઈ મોટું પાપ નથી. જે પુરૂષ દાંપત્ય શુદ્ધિ જાળવતો હોય એ ગૃહસ્થનું જીવન સાક્ષાત્ તપસ્વી જેવું પવિત્ર ગણાય છે. એવા ગૃહસ્થોના સંતાનો સાત્વિક અને સદ્‌બુદ્ધિવાળા થાય છે. આજે આપણે બે નિયમો વિશે વાત કરી છે. (વધુ આવતા અંકે).

●

**ભગવાનનાં ચરિત્રો કલ્યાણકારી છે**

**- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)**

જગતનો નાથ અનંત ઐશ્વર્યોનો નાથ સર્વે સુખનો નાથ સર્વ શક્તિઓનો નાથ અનાથનો નાથ આજ વૃષભોને સનાથ કરવા માટે તૈયાર થાય છે. વાત છે બહુ સુંદર પરંતુ ખેડૂત ભક્તોને જલ્દીથી સમજાય તેવી છે. બાકી વૃષભ શું અને નાથ શું એતો પ્રેકટીકલ સમજવું પડે તેમ છે.

ચિંતા ન કરતા સાકર વિષે તમે જ્ઞાન ધરાવતા હો કે ન ધરાવતા હો પરંતુ સાકર જમો એટલે ગળી જ લાગે એમ આતો સ્વામિનારાયણ ભગવાનનું ચરિત્ર છે. એટલે આપણા માટે કલ્યાણકારી છે.

સ્વામિનારાયણ ભગવાન સ્વયં કહે છે કે જીવનું સહેજે કલ્યાણ થાય તેના માટેનું ઉત્તમ સાધન ભગવાનના લીલા ચરિત્રો છે એ સંભારી રાખવા તો તેના યોગે ભગવાન સાંભરે અને એ જીવનું રૂડું થાય

તો આવો આપણે ભગવાનનું એક સુંદર લીલા ચરિત્ર યાદ કરીએ.

ભગવાનના ચરિત્રો અનેક છે, અપાર છે, જેણે જેણે ભગવાનના ચરિત્રોનું શ્રવણ કર્યુ હોય વાંચન કર્યુ હોય તે કૃતાર્થ થાય છે. સ્વામિનારાયણ ભગવાન એકવાર ગઢડામાં બિરાજમાન હતા. દાદાખાચરના પ્રેમને વશ થઈને તેમના ઘરના કામ પણ મહારાજ કરતા.

દાદા ખાચરની વાડીમાં વાછડા છત્રીસ હતા. ફક્ત વાછડાની જ ગણત્રી કહી છે. વાછડીઓ કેટલી હશેને ગાયોની ગણતરી પણ લખી નથી. એ પણ કેટલી બધી હશે. આ વાછડાને બીડમાં છૂટા ચરતા મૂક્યા હતા. જેમ ચારો ચરવો હોય એમ ચરેને છુટથી હરે ફરે. આ વાછડા તો જોત જોતામાં એવા વકરી ગયેલા તે કોઈને અડવા દે નહિ. હાથમાં આવે નહિ. કાઠીઓ બધા પકડી શકે નહિ. બાંધવા જાય તો માથાં મારે. નાથવા તો શીના દે ? મારકણા બહુ થઈ ગયેલા. બધા થાક્યા શું કરશું આનો કોઈ ઉપાય. ચાલો ત્યારે મહારાજ પાસે જઈએ. મહારાજને વાત કરી. વાડીમાં છત્રીસ વાછડા છે તે એકે હાથમાં આવતા નથી. નાથવા છે પણ નાથવા દેતા નથી. એટલે મહારાજ કહે ચાલો અમે વાડીએ આવીએ છીએ. પછી મહારાજ વાડીમાં થઈ બીડમાં પધાર્યા. અને ભેટ બાંધી અને છત્રીસ વાછડાને જાલી જાલીને એકદમ નાથવા માંડ્યા. થોડી જ વારમાં છત્રીસે છત્રીસ વાછરડાને નાથી દીધા. ત્યાં બ્રહ્માનંદ સ્વામી આવ્યા. તેમને મહારાજે કહ્યું, સ્વામી જુઓ અમે આ છત્રીસ વાછરડાને નાથ્યા. એટલે સ્વામી હસીને કહેવા માંડ્યા. તમારે તો બહુ જુનો અનુભવ છે. કૃષ્ણાવતારમાં વકરેલા સાત આખલાને તમે નાથ્યા હતા. એટલે તમને તો એ અનુભવ છે. બહુ મોટું કામ કર્યું.

વહાલા ભક્તો ! ભગવાન તો સર્વશક્તિમાન છે. એમનાથી તો શું ન થાય ! સર્વ જીવપ્રાણી માત્રના નાડીપ્રાણ ભગવાનના હાથમાં છે. એ ધારે તો બિલાડીને સિંહ બનાવી દે એ ધારે તો સિંહને બિલાડી બનાવી દે. માટે એવા સર્વ કર્તા હતાં પરમાત્માના ચરણોમાં શ્રદ્ધા રાખી ભક્તિ કરવી.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"સાવધાની રાખી નક્કી કરવાનું છે કે, આપણે કઈ દિશામાં જવાનું છે ?"**
(સંકલન : કોટક વર્ષાબેન નટવરલાલ - ઘોડાસર)

ચાર સાધુ હતા. ચારેય સાધુ જુદી જુદી જગ્યાએ બેસી ગયા. એક સાધુ ચાર રસ્તા પર બેસી ગયા. બીજા સાધુ ટાવર પાસે બેસી ગયા. ત્રીજા કચેરીમાં અને ચોથા સાધુ સ્મશાનમાં બેસી ગયા. તો ચારેય સાધુને જેટલા લોકો ત્યાંથી પસાર થાય તે પૂછે છે કે આપ અહીંયા કેમ બેઠા છો ? તો જે સાધુ ચાર રસ્તા પર બેઠા હતા તે જવાબ આપે છે કે, અહીંયાથી જેટલા માણસો પસાર થાય છે તે જુદી જુદી જગ્યાએ જાય છે. કોઈ રોકાણ માટે તૈયાર નથી. અને તે લોકોને ખબર નથી કે મારે ખરેખર કઈ દિશામાં જવાનું છે. તો તે લોકોને સાવધાન કરવા બેઠો છું. તો આપણે પણ વિચારવાનું છે કે શું આપણને ખબર છે કે આપણે કઈ દિશામાં જવાનું છે ? તો આ જગતમાં આવી માણસ ભૂલી જાય છે કે આપણે ક્યાંથી આવ્યા છીએ ? આપણે કોના છીએ ? અને આપણે ક્યાં જવાનું છે? અને સુખની શોધમાં માણસ ચારેય દિશામાં દોડ્યા કરે છે. હવે આવે છે બીજા નંબરના સાધુ જે ઘડિયાળના ટાવર પાસે બેઠા છે. તે લોકોને જવાબ આપે છે કે જેમ જેમ ઘડિયાળનો કાંટો આગળ વધે છે તેમ તેમ મારાથી સાવધાન રહેવાય છે કે આપણું આયુષ્ય ઓછું થાય છે. ઘડિયાળના ટકોરા સંભળાય છે. એટલે તરત ખ્યાલ આવે છે કે મારા આયુષ્યમાંથી એક કલાકનો સમય ઓછો થઈ ગયો. માટે અહીંયા બેઠો છું. હવે ત્રીજા સાધુની વાત આવે છે કે જે સાધુ કચેરીમાં બેઠા છે તે લોકોને જણાવે છે કે હું અહીંયા બેઠા બેઠા એ જોઉં છું કે અહિંયા રોજ એક-બે અપરાધી આવે છે. અને એ લોકોને એમના કર્મની સજા એટલે કે દંડ મળે છે. એ જોઈને વિચાર કરૂં છું કે માણસ જ્યારે અપરાધ કરે છે તો પોતાની મરજીથી કરે છે. અને માણસને જ્યારે અપરાધનું ફળ ભોગવવું પડે છે ત્યારે ફળ ભોગવતી વખતે પોતાની મરજી ચાલતી નથી. જેથી મને સાવધાન રહેવાય છે કે મારે ખરાબ કર્મ ન કરવું જોઈએ. અને ચોથા સાધુ છે જે સ્મશાનમાં બેઠા છે તે લોકોને જણાવે છે કે સ્મશાનમાં રોજ એકાદ-બે વ્યક્તિનું મૃત્યુ જોવામાં આવે છે. તો કાયમ મૃત્યુનું ચિંતવન રહે છે. અને સાવધાન રહેવાય છે જેથી કરીને પ્રભુ સ્મરણ વધારે થાય છે. અને ખોટા કાર્ય થતા નથી. માટે આપણે પણ કાયમ મૃત્યુને યાદ રાખવાનું છે. ભય નથી રાખવાનો પણ આપણે કાયમ તૈયાર રહેવાનું છે કે મૃત્યુ ગમે ત્યારે આવે અને અંત સમયે પરમાત્માને પ્રાપ્ત કરવાના છે. તેનો ખ્યાલ રાખવાનો છે. અને પરમાત્માને પ્રાપ્ત કરવાના બે રસ્તા છે. (૧) કામનાની પૂર્તિ (૨) કામનાનો ત્યાગ.

કામનાની પૂર્તિ કરવી વધારે મુશ્કલે છે. કામનાનો ત્યાગ કરી પરમાત્માને પ્રાપ્ત કરવા સહેલા છે. એવા લોકો બહુ ઓછા છે કે જેમની બધી કામનાની પૂર્તિ થઈ ગઈ હોય. કેમ કે કામનાની પૂર્તિ ક્યારેય થતી નથી. બાળક જ્યારે નાનું હોય છે. ત્યારે રમકડાથી રમે છે. મોટુ થાય તેમ અભ્યાસ, પૈસા કમાવવા, ભોગ-વિલાસ વગેરે બીજા કામનાની પૂર્તિ તરફ આગળ વધાય છે. એટલે કામનાની પૂર્તિ થઈ જ ન શકે શક્ય જ નથી. કામનાનો ત્યાગ વધારે સારો છે. સહેલો રસ્તો છે. કામનાની પૂર્તિઓમાં અનેક કામનાઓ છે. જ્યારે કામનાનો ત્યાગ કર્યા પછી આપણું લક્ષ્ય એક જ છે. પરમાત્માની પ્રાપ્તિ માટે તે વધારે સરળ છે. પરંતુ તેના માટે શુધ્ધ અંતઃકરણ હોવું જોઈએ અને ભક્તિની ભૂખ પણ હોવી જોઈએ. કેમ કે ? ભક્તિની ભૂખ ન હોય તો ભક્તિ કે સત્સંગ કાંઈ પણ પચતું નથી. જેમ રોગી માણસને ભૂખ ઓછી લાગે છે. પરંતુ જે વ્યક્તિ નિરોગી છે તેને ભૂખ વધારે લાગે છે. અને રોગી માણસને આપણે પરાણે ખવડાવીએ તો શું થાય ? ઉલ્ટી થઈ જાય છે. તેમ જેનું અંતઃકરણ નિરોગી નથી શુદ્ધ નથી તેને તમે કાંઈ કહેશો તો પણ રોગી

માણસની ઉલ્ટીની જેમ થોડીવાર તેના મનમાં રહેશે. પછી નીકળી જશે. માટે શુધ્ધ અંતઃકરણ હોય તેને જ ભક્તિની ભૂખ હોય છે. માટે અંતઃકરણને બધા અવગુણોથી દૂર રાખવાનું અને ખ્યાલ રાખવાનો છે કે આપણે કઈ દિશામાં જવાનું છે ? જેમ ઘોડાને વશમાં રાખવા માટે બાંધી રાખવામાં આવે છે અને તેનો માલિક તેને જે દિશામાં લઈ જવો હોય તે દિશામાં લગામ ખેંચીને લઈ જાય છે તેમ આપણે આપણા મન અને ઈન્દ્રિયો પર લગામ રાખવાની છે. આપણે આપણા મન અને ઈન્દ્રિયોના માલિક છીએ. અને જ્યાં ત્યાં દોડવાનું નહિ. જ્યાં પણ જાવ એક જ જગ્યાએ જવાનું. આપણે કહીએ છીએ ને બીજા મંદિરે ન જવાય (વિમુખના) તો ઘણા લોકો કહે છે કે દર્શન કરવામાં શું વાંધો છે અહીંયા પણ ભગવાન છે અને ત્યાં પણ ભગવાન છે. જેમ કે અમુક પાણી એવું હોય છે કે જેનો ઉપયોગ પીવામાં થાય અને અમુક પાણી એવું હોય છે કે જેનાથી સ્નાન કરાય અને અમુક પાણી માત્ર પગ ધોવાના ઉપયોગમાં જ વપરાય અને અમુક પાણી એવું હોય છે કે જેને અડાય પણ નહિ. માટે આપણે મહારાજની આજ્ઞામાં રહી પતિવ્રતાની ભક્તિ કરવાની છે. માટે આપણે દિશાનું ખાસ ધ્યાન રાખવાનું છે. એક ખેડૂતનું ખેતર હતું. ખેતરમાં તેને આઠ દસ જગ્યાએ કૂવા ખોધ્યા પણ પાણી ન નીકળ્યું. તો તેના એક ગુરુ હતા જે ત્યાં આવી ચડ્યા તેમણે શિષ્યને સમજાવ્યું કે એક જ જગ્યાએ ઉંડું ખોદો તો પાણી નીકળશે. જેથી તેણે એક જ જગ્યાએ ખૂબ પરિશ્રમ કરીને ઉંડું ખોદ્યું તો પાણી નીકળ્યું. પહેલા જેટલી મહેનત કરેલી હતી તે બધી નકામી ગઈ. ગમે તે જગ્યાએ જાવ બધી જગ્યાએ થોડું ઘણું જ્ઞાન તો મળે જ. પરંતુ જ્ઞાનનું જે અંતિમ લક્ષ્ય છે તે આપણને નહિ મળે. માટે આપણે કઈ દિશામાં જવાનું છે તે ધ્યાન રાખી એક જ દિશામાં આગળ વધવાનું છે. આપણને શ્રીજી મહારાજે બાથમાં લઈ પધરાવેલા શ્રી નરનારાયણદેવનું શરણ કાયમ પકડી રાખવાનું. કેમ કે શરણાગતિ વગર કલ્યાણ નથી. અને ભક્તિ એવી કરવાની કે પરમાત્મા આપણને પ્રેમ કરે. તો નરનારાયણદેવ તમારી ભક્તિ કરવાની શક્તિ ખૂબ વધારે તેવી પરમાત્માના ચરણોમાં પ્રાર્થના.

●

## સત્સંગનો મહિમા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

ભગવાન શ્રીહરિએ આપણા સંપ્રદાયમાં સત્સંગના મહિમા ઉપર ઘણો ભાર મૂક્યો છે. અને સત્સંગથી જ ભક્તિની વૃદ્ધિ થાય છે. તેમજ સંપ્રદાયનું સંગઠન રહે છે. આ પ્રચંડ કળિકાળમાં પ્રગટ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણા સંસાર ભવસાગરના નાવરૂપ છે અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં વર્તતા પ્રગટ ભગવાન સ્વામિનારાયણના સંતો તેમજ ભક્તિ ભાવથી પ્રભુના ચરણો જ ભક્તિ સાધના કરેલી અને સ્વયં ને પ્રભુને સમર્પણ કરી ચૂકેલી પ.પૂ.અ.સૌ. ગાદીવાળીશ્રીની આજ્ઞામાં રહેતા સાંખ્યયોગી બાઈઓ આ ભવસાગરની નાવરૂપ છે. આ લોકમાં પ્રગટ ભગવાનને ઓળખાવી અક્ષરધામનો શુધ્ધ રસ્તો બતાવનાર, આ જીવને શ્રીજી સન્મુખ કરનાર સંતોજ છે. પ્રત્યક્ષ ભગવાન જ્યારે પૃથ્વી ઉપર ન વિચરતા હોય તો, શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે વર્તતા સાચા સંતોની કૃપાથી તેમના માર્ગદર્શનથી આપણે જીવનનું ધ્યેય સિધ્ધ કરી શકીએ છીએ. સંતો કરૂણાના સાગર હોય છે. જેનું કરૂણારૂપી ઝરણું સદા તેમના ભક્તો પ્રત્યે વહેતું જ રહે છે. શ્રીજી મહારાજ કહે છે ૩૦ લક્ષણ યુક્ત સંતો તો સાક્ષાત્ મારી મૂર્તિ છે. એવા સંતોમાં હું પોતે રહુ છું. **"મમ ઉર સંત અરુ મે સંતન ઉપર વાસ કરૂં સ્થિર હોઈ"** આવા એકાંતિક સંતોના હૃદયમાં ભગવાન સાક્ષાત્ રહે છે. નિષ્કુળાનંદ સ્વામીએ પણ ભક્તચિંતામણીમાં લખ્યું છે કે સાક્ષાત્ ભગવાન અને સંત એ કલ્પવૃક્ષ સમાન છે. જેમ કલ્પવૃક્ષ નીચે મનુષ્ય જપ કરે તેમજ જેવો સંકલ્પ કરે તેવું જ તેનું કાર્ય થાય છે. અનેક જન્મના પુણ્ય ઉદય થાય ત્યારે ભગવાન તથા સંતોનો સંગ મળે છે. સત્સંગનું સેવન મહિમાપૂર્વક જો કરવામાં આવે તો તેના અનેક ફળના લાભો ભોગવી શકાય છે. જો સત્સંગનો મહિમાપૂર્વક સેવન કરે તો જન્મ મરણના ફેરાથી મુક્ત થવાય છે. માટે સત્સંગ તો અવશ્ય કરવો. પોતાના તન, મન કે ધનનું અભિમાન મૂકીને નિર્માની ભાવે ખપ અને શ્રદ્ધાપૂર્વક સાચા સંતને શરણે જઈ એમનો સમાગમ કે સત્સંગ કરવો આવશ્યક છે. સંતની અનુવૃત્તિમાં રહીને એ જેમ વાળે તેમ વળવું ખૂબ જરૂરી છે.

કોઈ મુમુક્ષુને તીર્થયાત્રાએ જવાની સ્વભાવિક રૂચી હોય. આવો યાત્રિક એકાદ નહીં પણ ભલેને બધાય એટલે કે અડસઠ તીર્થમાં ફરી આવે, તેથી એના જીવમાં બળ નહિ આવે. તીર્થમાં જઈને જેણે સાચા સંતને ખોળીને એનો સત્સંગ ન કર્યો તો એના વર્તનમાં સ્વભાવમાં પરિવર્તન ક્યાંથી આવે ? સત્સંગના સેવનથી વર્તનમાં અને સ્વભાવમાં સુધારો થાય, જીવનમાં સયંમ કેળવાય અને નિયમની દઢતા થાય છે.

બોટાદના ભગા દોશી હતા. તે ગઢપુર શ્રીજી મહારાજ પાસે રસોઈ આપવા ગયા હતા. ત્યારે શ્રીહરિએ પૂછ્યું કે અમે કહીએ તેમ કરવું છે કે રસોઈ આપવી છે ? ભગા દોશી કહે, ના મહારાજ મારે તો રસોઈ જ આપવી છે. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા, તમે આટલા વર્ષ અમારી ભેગા રહ્યા છતાં પણ અમારૂં હૃદય સમજ્યા નહીં. કહેવાનું તાત્પર્ય એજ કે તમે પૂરેપૂરાં સમજણ પૂર્વક શ્રીહરિને જાણી શક્યા નહીં. હરિને ગમતામાં રહેવું એ જ ઈચ્છા ભક્તની થાય ત્યારે જ તે ભક્તની ભક્તિ દઢ જાણવી અને તેવી ભક્તિ દઢ કરવા સંતોનો સમાગમ જરૂરી છે. કેવી રીતે ભક્તિ દઢ થાય આત્મા શુદ્ધ થાય તે ધર્મકુળ આશ્રિત સંતોના આશીર્વાદ અને તેમના માર્ગદર્શનથી જ થઈ શકે. સત્સંગથી આ જીવના અંતઃશત્રુઓનો નાશ થાય છે અને જ્ઞાન વૈરાગ્ય, ભક્તિ-ધર્મ, વિનય-વિવેક આદિ સદ્‌ગુણો ઉદય થાય છે ને શ્રીહરિની મૂર્તિ અંતરમાં પ્રગટ દર્શન આપે છે. માટે સાચા સંતો ભક્તોને ઓળખી તેમનો સમાગમ કરવો.

બ્રહ્માનંદ સ્વામીએ પણ કહ્યું છે જે, **"સંત સમાગમ કીજે હો નિશ દિન સંત સમાગમ કીજે માન તજી સંતન કે મુખ સે પ્રેમ સુધારસ પીજે.... હો નિશદિન સંત સમાગમ કીજે."**

જેમ સર્પ હોય તે બહાર ફરવા નીકળે ત્યારે ગમે તે રીતે ચાલે છે. પણ જ્યારે દર આવે ત્યારે સીધો થઈ જાય છે. તેમ સંતના માર્ગદર્શન દ્વારા આ જીવ આત્મનિષ્ઠ બને છે ને સમજણમાં દઢતા થાય છે. સંતોના માર્ગદર્શનથી, સંત-વચનો, ઉપદેશથી અને તેમના સમાગમથી જીવ ભક્તિ પરાયણ બને છે ને અક્ષરધામમાં પહોંચે છે.

બીજા અનેક સાધન કરે તો પણ અક્ષરધામ મળતુ નથી. પણ સાચા સંતના સમાગમથી તેમની કૃપાથી સેવાથી અક્ષરધામ અવશ્ય મળે છે. માટે જ કહ્યું છે જે, **"શ્રીજી અને સહુ સંતો રે મળી કરજો મારી સહાય".**

●

## રોટલા ને બદલે મોક્ષ

- સોની રંજનબેન કાંતિલાલ (મેમનગર)

એકવાર બ્રહ્માનંદ સ્વામી સત્સંગ વિચરણ કરીને આવતા હતા. માર્ગમાં બે ખેતરના શેઢા વચ્ચેથી સ્વામી પસાર થતા હતા ત્યાં એક ખેતરમાં નાનો છોકરો ખેતરની રખેવાળી કરતો હતો. શ્રધ્ધાળુ અને સંત પ્રેમી હૃદય સાધુને જોઈને આકર્ષાય છે. એણે બૂમ પાડી સ્વામીજી ! પોંક ખાવો છે ?

બાળકની ભાવનાથી સ્વામી ખુશ થયા અને બોલ્યા ખાવો છે. કારણ કે બંને સંતોને બે દિવસના ઉપવાસ હતા. સંતો ખેતરમાં ગયા. આ કિશોરે ફરીથી પૂછ્યું : સ્વામીજી ! રોટલા જમશો ? સ્વામીએ કહ્યું પછી તું શું ખાઈશ ? ''મારું તો ઘર ક્યાં આધું છે. હમણાં દોટ મેલીને પહોંચી જઈશ.'' સ્વામીએ હા પાડી, એટલે ઝાડની ડાળીએથી રોટલાની પોટલી ઉતારીને સ્વામીને આપી. રોટલા જમીને બ્રહ્માનંદ સ્વામી છોકરા ઉપર બહુ જ રાજી થયા. અને બોલ્યા બેટા ! આજ તો તારા ઉપર બહુજ ખુશ છું. વરદાન માંગ. બાળક કહે સ્વામી, અમારે તો લીલા લહેર છે. કોઈ વાતની ખોટ નથી. છતાં તમને જે ગમે તે આપતા જાઓ. સ્વામીએ કહ્યું જો, આ મારું પેટ યાદ રાખજે. સ્વામીની ફાંદ મોટી હતી. મોટી ફાંદવાળા સાધુને રોટલા ખવરાવ્યા છે. એટલું યાદ રાખીશ એટલે તારું કલ્યાણ થશે.

આ બાળક મોટો થયો. રોટલાની વાત એને ઘણીવાર સાંભરતી. જ્યારે એનો અંત સમય આવ્યો ત્યારે એને યાદ આવી ગયું કે મોટા પેટવાળા સાધુને રોટલા જમાડ્યા છે. બ્રહ્માનંદ સ્વામી અને શ્રીજી મહારાજ હાથમાં રોટલો લઈને એ ભાઈને ધામમાં તેડી ગયા.

दृष्टा स्पृष्टा नता वा कृतपरिचरणा भीजिता पूजिता वा ।

આવા સંતોના દર્શન કરીએ, સ્પર્શ કરીએ, જમાડીએ, અરે યાદ કરીએ તોય કલ્યાણ થાય !

●

## કસોટી કંચનની

- પરમાર ભૂમિકા ભગવાનજીભાઈ (સુરત)

મહારાજ વિશાળ સભા ભરીને બેઠા હતા. મહારાજે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી કે તમે પાંચ સાધુ ને લઈને ગામડે સત્સંગ કરવા જાવ. તે સમયે આપણા ઉગતા સંપ્રદાયનો લોકોમાં ખૂબ વિરોધ હતો. ઢોંગી બાવાઓ સંતોને ખૂબ હેરાન કરતા. સીધા-પાણી પણ ન અપાવા દેતા. તેથી મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું મહારાજ પાંચ સાધુ ને લઈને અત્યારે ગામડે જાવું કઠણ છે. જ્યાં એક ના સીધા-પાણી મળવા કઠણ છે ત્યાં પાંચ પાંચ ને મારે કેમ લઈ જવા. મહારાજ કહે તો દસ ને લઈ જાવ. મુક્તાનંદ સ્વામી વિનંતી કરતા જાય અને મહારાજ આગળ વધતા જાય. છેવટે ૬૦ એ પહોંચ્યા પછી મુકતાનંદ સ્વામી કંઈ ન બોલ્યા. આ સર્વે હકીકત ગોપાળાનંદ સ્વામીએ જાણી ત્યારે ગોપાળાનંદ સ્વામીની વિનંતી સાંભળીને મહારાજ કહે તો ૮૦ સાધુ લઈ વિચરણ કરો. આખરે મહારાજની આજ્ઞા માની મુક્તાનંદ સ્વામી સંતોને લઈને વિચરણ કરવા લાગ્યા. વિચરણ કરતા કરતા ક્યારેક એક દિવસના ઉપવાસ પડે તો ક્યારેક ત્રણ દિવસના ઉપવાસ પણ પડે. ચાલતાં ચાલતાં કારિયાણી પધાર્યા. ખાખી બાવાની જમાતે સંતોને માર માર્યો છે ! વાંસામાંથી લોહીની સેર્યો ફૂટી હતી ! મહારાજ એ વખતે ત્યાં વિરાજમાન હતા. મહારાજની આજ્ઞા લઈને મંડળ દર્શન આવ્યું અને જ્યારે મહારાજ સંતોને બાથ ભરીને મળે છે ત્યારે મહારાજના હાથ લોહીવાળા થઈ ગયા ! મહારાજ ના મુખમાંથી શબ્દો સરી પડ્યા. ''આવું અધમ કૃત્ય કરનાર કોણ છે ? મારા ગાય જેવા સંતોને કોને દુ:ખ આપ્યુ છે ? મારા સંતોને હેરાન કરનારને હું શ્રાપ આપુ છું કે આજ ક્ષણે બ્રહ્માંડનો પ્ર............ ? ત્યાં તો મુક્તાનંદ સ્વામી મહારાજના ચરણોમાં ઢળી પડ્યા અને મહારાજ ને સમ આપીને પ્રલય શબ્દ બોલતા અટકાવી દીધા. મહારાજના લાલધુમ થયેલા નેત્રોમાંથી મોતી જેવા આંસુડા પડવા લાગ્યા ! અને મુખમાંથી શબ્દો સરી પડ્યા કે મારા સંતને કે ભક્તને જો કોઈ દુ:ખી કરશે તો અમારાથી સહન નહિ થાય. આજે તો મુક્તાનંદ સ્વામીએ અમને રોક્યા એટલે અમો કાંઈ કરતા નથી. બાકી તો ચપટી વગાડતાની સાથે જ બ્રહ્માંડનો નાશ કરી નાખીએ.''

વ્હાલા ભક્તો મહારાજ વચનામૃતમાં કહે કે અમને જેવા અમારા પંચવર્તમાને યુક્ત સંત અને ભક્ત વ્હાલા છે એવું તો અમારું ધામ પણ અમને વ્હાલું નથી. માટે ભગવાન તથા તેને સ્થાને વિરાજમાન ધર્મકુળ તથા કોઈ સંત તથા કોઈ નાના માં નાનો હરિભક્ત આપણાથી મન-કર્મ-વચને કરીને દુભાય નહીં તેનું અનુસંધાન રાખી નિત્ય સત્સંગ કરી મહારાજને રાજી કરી લેવા એજ આપણા મનુષ્ય જનમની સાચી સાર્થકતા છે.

### શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ

શ્રી નરનારાયણદેવ દેશ સ્કીમ કમિટીના સભ્ય પ.ભ. જી.કે. પટેલ (મહેસાણાવાળા) સમયની વ્યસ્તતાને કારણે અને અન્ય સત્સંગીઓને પણ સેવા કરવાનો અવસર મળે તેવા શુભ હેતુથી રાજી ખુશીથી સ્કીમ કમિટીમાંથી રાજીનામું આપ્યું છે. તેમના સ્થાને સત્સંગમાં ખૂબજ સેવાભાવી પ.ભ. શ્રીરસિકભાઈ અંબાલાલ પટેલ (મોખાસણવાળા) ને સ્કીમ કમિટીએ સર્વાનુમતે કમિટીના સભ્ય તરીકે નિયુક્ત કર્યા છે. નિવૃત સભ્ય પ.ભ. જી.કે. પટેલે પણ ખૂબજ નિષ્ઠાપૂર્વક સેવા બજાવી હતી. સમસ્ત શ્રીનરનારાયણદેવ દેશ સત્સંગ બન્ને હરિભક્તોની સેવાને બિરદાવે છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડાનો**
**નવો ફોન નંબર : (૦૨૭૭૦) ૨૯૧૫૭૭**

### નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવો કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમણે નાના પ્રકારના દાન દેવા. શ્રીજી મહારાજે શિક્ષાપત્રી ના ક્યા શ્લોક માં કહ્યું છે?

પ્ર. ૨ ''ભગવાન અને ભગવાન ના સંત તેને વિષે દોષબુધ્ધિ ન આવે તેનો શો ઉપાય છે ?'' વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછેલ છે ?

પ્ર. ૩ શ્રીજી મહારાજે મહેમદાવાદ ગામની ભાગોળે સભા કરી. ગામના હરિભક્તો ને કહ્યું તમે બધા ઘરે જમવા જાવ. સાઈઠ જેટલા સંતો સાથે હતા. એક એક સંતને ઉભા કરીને પૂછ્યું -ધ્યાન કરો છો, કોનું ધ્યાન કરો છો ? પછી પ્રભુ એ કોનું ધ્યાન કરવાનું કહ્યું અને જવાબમાં સંતોએ શું કહ્યું ?

પ્ર. ૪ ''તુલસી બોલ્યો તો કરું જગન પડ્યો ખોટો ન ખરચાણું ધન ''-તુલસી વણિક કયા ગામનો હતો ?

પ્ર. ૫ શ્રીજી મહારાજે લખેલી સાખી વાંચી સ્વામી ખૂબ રાજી થયા પછી સ્વામી જવાબના રૂપમાં બીજી સાખીમાં શું લખી માણસને ગઢપુર મોકલ્યો ?

પ્ર. ૬ શ્રીજી મહારાજે સ્વહસ્તે પધરાવેલ નવ મંદિરોના દેવોના નામ આપો ?

પ્ર. ૭ શ્રી હરિ રોજકા ની પાદરમાં રાત રહ્યાં હતા સાથે સંત પાર્ષદ અને કોઠારી કરસનજી પણ હતા. તેની સાથે મગદળ નો ડબ્બો ભરેલો હતો તે કૂતરા રાત્રીએ ખાઈ ગયા. સવારમાં જાગી ને પાળાને ખિજાવા માંડ્યા તમે મારો મગદળ ખાઈ ગયા છો પછી નિષ્કુળાનંદ સ્વામી ક્યું કીર્તન બોલ્યા ?

## જૂન-૨૦૧૩ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) ''મારા કલ્યાણની તો શું વાત કરો છો...! પણ જેણે જેણે મારા હાથના ઘડેલા રોટલા ખાધા તેનું પણ કલ્યાણ થશે.'' (૨) ''સ્વામી! અમારા ઘરના છાપરા ઘાસના હોય પરંતુ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ નું મંદિર કાંઈ ઘાસનું ન હોય.'' (૩) ''પોતાના બંને વ્હાલસોયા દીકરા શ્રીજી મહારાજને અર્પણ કરી દીધા.'' (૪) એને બુદ્ધિ નથી માટે પોતાના અવગુણને જાણતો નથી ને બીજાનો અવગુણ લે છે માટે. (૫) નંદાસણ (૬) અયઃપાન નરકમાં લોઢાનો ગરમા ગરમ રસ વારંવાર પાય છે. (૭) બાર બાર સૂર્ય ના તાપથી ધગધગતા કાળસુત્ર નરકમાં...

૧. પટેલ ધરમશીભાઈ નરસીભાઈ (અમદાવાદ)
૨. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૩. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૪. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૫. સાં.યો. કોકીલાબા ઉષાબા (સુરેન્દ્રનગર)
૬. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૭. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૮. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા-કડી)
૯. શ્રી નરનારાયણદેવ બાળ મંડળ (પંચવટી કલોલ)
૧૦. પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૧૧. ટીંબડીયા ચિંતન આર. (એપ્રોચ-બાપુનગર)
૧૨. ઓચ્છવ મંડળ (શ્રી સ્વા.મં. એપ્રોચ-બાપુનગર)
૧૩. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૪. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૧૫. સાં.યો. રંજનબેન તથા નાનીબેન (સ્વા. મંદિર બહેનોનું વિરાટનગર)
૧૬. ભાવસાર અરવિંદાબેન (ચાંદલોડીયા)
૧૭. ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૧૮. સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (બહેનોનું મંદિર ધ્રાંગધ્રા)
૧૯. સાં.યો. ભારતીબા, મંજુબા (સ્વા.મંદિક કાલુપુર, હવેલી)
૨૦. પટેલ દિપીકા હિતેન્દ્રકુમાર (લુણાવાડા)
૨૧. સ.ગુ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી (મહંતશ્રી એપ્રોચ)
૨૨. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨૩. શકરીબેન ભગત (બાઈઓનું મંદિર વડુ)
૨૪. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૫. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૬. પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૨૭. દબાસીયા દેવીબેન હિરાલાલ (મીરજાપર-કચ્છ)
૨૮. સાં.યો. રામબાઈ ધનજી વરસાણી (મીરજાપર-કચ્છ)
૨૯. સાં.યો. જયશ્રીબેન પ્રવિણ વરસાણી (મીરજાપર-કચ્છ)
૩૦. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૩૧. પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૩૨. સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૩૩. ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૩૪. ગવૈયા ચંદ્રપ્રકાશદાસજી સ્વામી (માણસા)
૩૫. શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમિયતપુરા)
૩૬. ઘર સભા બહેનો (લુણાવાડા)
૩૭. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૩૮. પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૩૯. પટેલ કિશન (એપ્રોચ-બાપુનગર)
૪૦. રામાણી ચેતન (એપ્રોચ-બાપુનગર)
૪૧. પટેલ ભાવનાબેન એન. તથા પટેલ સરોજબેન આર. (મુબારકપુર)
૪૨. ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૪૩. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૪૪. પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૪૫. વિઠ્ઠલપરા નરસીભાઈ વી. (નવસારી)
૪૬. વાસુદેવ બી. દેસાઈ (બાપુનગર-એપ્રોચ)
૪૭. સોની મીનાબેન મહેન્દ્રભાઈ (નરોડા)
૪૮. પટેલ બાબુભાઈ અમૃતભાઈ (રંગપુર)

# સત્સંગ સમાચાર

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીનરનારાયણદેવને કેશર સ્નાન**

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં સૌપ્રથમ મંદિર અમદાવાદમાં નિર્માણ કરાવીને સ્વસ્વરૂપ પરમકૃપાળુ શ્રી ભરતખંડના રાજાધિરાજ શ્રીનરનારાયણદેવને બાથમાં લઈ પધરાવ્યા છે. તેવા પ્રતાપી આવા મહા અલૌકિક સૌના મનોરથ સંકલ્પને સિધ્ધ કરતા દેવને જેઠ સુદ-૧૫ તા. ૨૨-૬-૧૩ ને શનિવારના રોજ સવારે ૬-૩૦ થી ૬-૪૫ સુધી ષોડશોપચાર કેશર સ્નાન શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી, બ્ર. સ્વા. અનંતાનંદજી, બ્ર. સ્વા. મુકુન્દાનંદજી અને પા. શ્રી ઘનશ્યામ ભગત આદિ સંતો દ્વારા વિધિવત રીતે કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગના યજમાન અ.નિ. પ.ભ. રાજાભાઈ કનુભાઈ ઝવેરી પરિવાર (જામનગરવાળા) હ. રસિકભાઈ, ઘનશ્યામભાઈ, નવિનભાઈ, વિજયભાઈ, જીતેન્દ્રકુમાર અને જયપ્રકાશ આદિ પરિવારે ઠાકોરજીનું પૂજન-અર્ચન કરી મહા લાભ લીધો હતો. અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીએ યજમાન પરિવારનું સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા. કેશર સ્નાન દર્શનનો હજારો ભક્તજનોએ લાભ લઈ ધન્ય બન્યા હતા. (બ્ર. સ્વા. મુકુંદાનંદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં ઉત્તરાખંડમાં મૃત્યુ પામેલા આત્માઓની શાંતિ માટે મહામંત્ર ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી અને પૂજ્ય મહંત સ્વામી

**શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત હરિભક્તોને દશાંશ વિશાંસ ધર્માદો ભરવા અંગે સૂચન**

સમસ્ત શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત હરિભક્તોને નમ્ર નિવેદન છે જે,

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી શ્લોક ૧૪૭ માં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે,

निजवृत्युधम प्राप्तधन धान्यादितश्च तैः ॥
अर्प्यो दशांशः कृष्णाय विंशोऽशस्त्विह दुर्बलैः ॥

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃતિ અને ઉધમ તે થકી પામ્યું જે ધન ધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિસમો ભાગ અર્પણ કરવો. શિ.શ્લો. ૧૪૭

આ શ્રીહરિની આજ્ઞાનું પાલન ફરજીયાત અને ચુસ્તપણે કરવું.

દેવ ધર્માદો અન્યત્ર કોઈ ફંડ ફાળા કે ઈતર પ્રવૃતિમાં ન વપરાય, શ્રી નરનારાયણદેવ દેશમાં રહેતા હરિભક્તોએ શ્રીનરનારાયણદેવના જ મંદિરમાં જ પાકી પહોંચ લઈ રોકડ, અનાજ, પદાર્થ જે કોઈ રૂપે આપો તો તે ધર્માદારૂપે અને તેની પાકી પહોંચ લઈનેજ આપવો. કોઈપણ પ્રાઈવેટ સંસ્થા કે મુખ્ય દેવ મંદિરને સંલગ્ન- જોડાયેલ ન હોય તેમાં ધર્માદો આપવો નહી. તેનું ખાસ ધ્યાન રાખવું. આપણા કલ્યાણના કરતલ અને મોક્ષ દાતા ઈષ્ટદેવ શ્રીહરિએ આપણને જે આજ્ઞા કરી હોય તેનું પાલન કરવું. આપણને મહારાજે બહુજ સુખીયા કર્યા છે. વ્યવહારે પણ સમૃદ્ધ છીએ. જેથી આપણી આવકનો દશમો અથવા વિશમો ચોખ્ખો દેવનો ભાગ કાઢીને આપણો વ્યવહાર ચોખ્ખો રાખવો તો આપણે ખૂબજ સુખી સંપન્ન થઈશું. જેટલી આજ્ઞા પળાય તેટલું સુખ વધારે મળશે. આપણા નાના મોટા દરેક મંદિરમાં પણ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આજ્ઞા પત્ર વિના કોઈને પણ કોઈપણ જાતનો ફંડફાળો ન આપવો. જ્યાં ધર્માદો લેવા સંતો કારણ વશાત્ ન પહોંચી શક્યા હોય ત્યાંના મંદિરના કોઠારીશ્રી અથવા તેમના પ્રતિનિધિએ પોતાના ગામનો ધર્માદો જાતે મુખ્ય મંદિરમાં અનાજ કે રોકડ અથવા પદાર્થ રૂપે જમા કરાવી તેની પાકી પહોંચ મેળવી લેવી.

(લી. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી)

હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણમંદિરમાં તા. ૨૩-૬-૨૦૧૩ ના રોજ ઉત્તરાખંડમાં આપણા તીર્થ સ્થાન કેદારનાથ, ગૌરીકૂંડ, ચમૌલી, ગોવિંદધાટ વગેરે સ્થાનોમાં કુદરત ના મહાકોપ વાદળ ફાટવાથી અને ભુઃસ્ખલનથી અનેક યાત્રિકો મૃત્યુ પામ્યા છે. હજારો યાત્રિકો પર્વતોમાં ખીણોમાં ફસાયેલા છે. સર્વોપરીશ્રી સ્વામિનારાયણ ભગવાન મૃતાત્માઓને શાંતિ બક્ષે અને ફસાયેલા યાત્રિકો હેમખેમ પોતાના ઘરે પરત ફરે તે માટે અખંડ સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સંતો હરિભક્તો દ્વારા કરવામાં આવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી હાલ અમેરિકામાં બાયરન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધારેલા છે. ત્યાંથી ફોન દ્વારા ઉત્તરાખંડના મૃતયાત્રિકોની શાંતિ માટે અને ફસાયેલા યાત્રિકો હેમખેમ પોતાના ઘરે પરત આવે તે સૌ માટે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી છે.

(શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**સર્વોપરી છપૈયાધામમાં કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના આશીર્વાદથી સાં. કમળાબા, સાં. કોકિલાબા અને સાં. ઉષાબા (સુરેન્દ્રનગર)ની પ્રેરણાથી કીર્તિબેન શાહ (કપડવંજ) તરફથી સર્વોપરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની મહા અલૌકિક પ્રાકટ્યભૂમિ એવા છપૈયાધામમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (મૂળી)ના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે કથા શ્રવણ દર્શન અર્થે સુરેન્દ્રનગરથી ૩૫૦ જેટલા હરિભક્તો ટ્રેન દ્વારા અત્રે પધારેલા. કથા પ્રસંગમાં આવતા પ્રસંગો શ્રીહરિ પ્રાકટ્યોત્સવ, ફુલદોલોત્સવ, શ્રી રામપ્રતાપજીનો વિવાહ આદિ ધામધૂમથી ઉજવ્યા હતા. બાળકો અને બાલિકાઓ દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ થયા હતા. યાત્રા સંઘે છપૈયાધામમાં તન, મન અને ધનથી સુંદર સેવા કરી હતી.

## સંપ્રદાયના સૌ પ્રથમ નિર્માણ થયેલ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જીર્ણોધ્ધારમાં સેવા કરવા અંગે

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર અમદાવાદ કાલુપુરમાં સ.ગુ. આનંદાનંદ સ્વામી પાસે નિર્માણ કરાવ્યું. સમયના વહેણ સાથે બે સૈકા જેટલા સમયમાં આવુ ભવ્ય અલૌકિક મહા મંદિરને જે તે સ્થિતિમાં સુંદર રીતે જળવાય તેના શિલ્પ સ્થાપત્યની પણ જાળવણી આબેહૂબ જળવાય તેથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પુરાતત્વ વિભાગના તજજ્ઞોની સલાહ મુજબ હાલ જીર્ણોદ્ધારનું કામ ધમધોકાર ચાલે છે. રાજસ્થાનના ગુલાબી પથ્થરો ઘડીને તૈયાર કરીને લગાડવાનું કામ ચાલુ છે. ત્રણે દેવોના સુવર્ણ સિંહાસનનું કામ પણ ચાલું છે. સંપ્રદાયના સૌ પ્રથમ મંદિર અને જે મંદિરમાં સ્વયં શ્રીજી મહારાજે બાથમાં લઈ સ્વસ્વરૂપ મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવ આદિ દેવો આપણા કલ્યાણ અને મોક્ષ માટે પધરાવ્યા છે. ભગવાને આપણને ખૂબ સુખિયા કર્યા છે. જેથી આવા મહા ભગીરથ સેવા યજ્ઞમાં સુવર્ણદાન, રોકડ દાન અથવા કોઈપણ સ્વરૂપે સેવા દાન કરીને આપનું જીવન ધન્ય ધન્ય બનાવશો. ખાસ બહેનો સુવર્ણ દાગીના પહેરીને ફરતા હોય છે ત્યારે ઘણીવાર ગઠીયા ચેઈન સ્કેનરો બાજ ઝડપે દાગીના તોડીને ભાગી જાય છે. તો શું આવા આપણા ઈષ્ટદેવને બિરાજવાના સ્થાનમાં આપ સુવર્ણનું દાન કરશો તો લૂંટાવાનો તો ભય નહીં રહે પણ ભગવાન તમારી સલામતીની બધીજ ગેરેન્ટી લેશે. માટે સર્વે સત્સંગી બહેનો આપ જે કાંઈ બને તેટલું સુવર્ણ સિંહાસનમાં સુવર્ણદાન કરી જીવન ધન્ય બનાવશો. આ સેવાની નોંધ શ્રીજી મહારાજના ચોપડે થવાની છે. માટે અમદાવાદ મંદિરના કોઠારમાં આપનું કિમંતી દાન કરી પાકી પહોંચ મેળવી લેશો. આવો અવસર વારે વારે નથી મળતો. માટે આપણને આવુ અહોભાગ્ય મળ્યુ છે તો તેનો લાભ લઈ લેવો.

(લી. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી)

અત્રેના મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજીએ હરિભક્તોની સુંદર આગતા સ્વાગતા કરી હતી. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**એપ્રોચ બાપુનગર મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદથી અને અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી સંતો દ્વારા બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજને વૈશાખ સુદ-૩ થી સુંદર ચંદનના વાઘાના દર્શન જેઠ સુદ-૧૫ પર્યન્ત કરાવવામાં આવ્યા હતા. તા. ૨૨-૬-૧૩ ના કેશર સ્નાન દર્શન કરાવવામાં આવ્યા હતા. જેઠ સુદ-૧૦ શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે સવારેના ૮ થી ૧૧ મહા મંત્ર ધૂન કરવામાં આવી હતી. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદકોલોની (બાપૂનગર) ત્રીજો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.ભ. દાસભાઈની પ્રેરણાથી તથા હરિભક્તોના સુંદર સહયોગથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ત્રીજો પાટોત્સવ તા. ૨-૬-૧૩ ના રોજ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે સવારના ૬-૩૦ થી રાત્રીના ૧૧-૩૦ સુધીમાં સમૂહ મહાપૂજા, અન્નકૂટ, અખંડ ધૂન, પ્રસાદ, પ્રાસંગિક સભા અને ધીરજાખ્યાનની કથાનું આયોજન થયું હતું. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સંગીત સાથે સુંદર કથામૃત પાન કરાવ્યું હતું.

પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી સવારે બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. સભા પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રી પધાર્યા હતા. પ્રસંગના મુખ્ય યજમાનશ્રી અરજણભાઈ દેસાઈ અને શ્રી કસ્તુરચંદ ઝિંઝુવાડિયા આદિ સેવા કરનાર હરિભક્તોનું સન્માન કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. ધામોધામના સંતોએ પણ આશીર્વાદ આપ્યા હતા. નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ. શા.પી.પી. સ્વામીએ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના શુભાશીર્વાદથી અત્રે બહેનોના મંદિરમાં જેઠ સુદ-૧૦ શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે ૧ થી સાંજના ૭ સુધી મહામંત્ર ધૂન યોજવામાં આવી હતી. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વારનો ૮ મો પાટોત્સવ**

પુણ્ય પવિત્ર ભારત ભૂમિના ઉત્તરે હિમાલયની ગોદમાંથી નીકળથી પરમ પવિત્ર ગંગાજીના કિનારે તીર્થોત્તમ હરિદ્વાર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૮ મો વાર્ષિક પાટોત્સવ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભાશીર્વાદાત્મક આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપાથી તેમજ અત્રે મંદિરના મહંત શા.સ્વા. આનંદજીવનદાસજીની પ્રેરણાથી અને કોઠારી સ્વામી હરિપ્રકાશદાસજીના માર્ગદર્શનથી પ.ભ. અમીચંદભાઈ નાથાભાઈ પ્રજાપતિ (હિંમતનગર) પરિવારના યજમાન પદે વૈશાખ સુદ-૧૫ ને તા. ૨૫-૫-૧૩ ના રોજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૪-૫-૧૩ ના રોજ ગંગાજીના પવિત્ર પ્રવાહમાંથી જળના ઘડા ભરી ''જળયાત્રા'' ઢોલ નગારા સાથે કાઢવામાં આવી હતી. પાટોત્સવના દિને સવારે ૭-૦૦ વાગ્યે શ્રી કમલેશભાઈ ગોર દ્વારા યજમાન અમીચંદભાઈ, ચિ. રાકેશકુમારના ચિ. સ્નેહ અને હિરેન તથા શ્રી મનુભાઈ તથા ચિ. સંદિપકુમાર, જીજ્ઞેશ અને દિનેશકુમાર આદિએ મહાપૂજાનો લાભ લીધો હતો. ત્યારબાદ ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક શણગાર આરતી અને અન્નકૂટ દર્શન થયા હતા.

પ્રાસંગિક સભામાં સ.ગુ.શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર મહંતશ્રી) એ હરિદ્વાર તીર્થનો ધર્મકુળ અને પાટોત્સવનો મહિમા કહ્યો હતો. યજમાન પરિવારે મહંત શા.સ્વા. આનંદજીવનદાસજી, શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, કો. સ્વા. હરિપ્રકાશદાસજી અને ધામોધામથી પધારેલા સંત પાર્ષદોનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. છેલ્લે મહંત

શા.સ્વા. આનંદજીવનદાસજીએ યજમાન પરિવારનો આભાર વ્યક્ત કરી આગામી દશાબ્દી પાટોત્સવ મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ સાથે તેઓશ્રીની શુભ ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવવાની જાહેરાત કરી હતી. સભા સંચાલન સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર મહંતશ્રી)એ કર્યું હતું. (કોઠારી શા.સ્વા. હરિપ્રકાશદાસજી, હરિદ્વાર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક રજત જયંતી મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્કમાં આજથી ૨૫ વર્ષ પહેલા ઈ.સ. ૧૯૮૮ માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ હતી. જેને હમણા ૨૫ વર્ષ પૂર્ણ થતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તા. ૧૫-૫-૧૩ થી તા. ૧૯-૫-૧૩ પર્યન્ત રજત જયંતી મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ, શ્રીહરિયાગ, મહાપૂજા, અભિષેક, છપ્પનભોગ, અન્નકૂટ, શોભાયાત્રા આદિ કાર્યક્રમોનું સુંદર આયોજન થયું હતું.

સમગ્ર પ્રસંગ દરમ્યાન ધર્મકુળ પરિવારે પધારી દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. ધામોધામના સંતોમાં પૂ.સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, પૂ. દેવ સ્વામી, પૂ.પી.પી. સ્વામી (નારાયણઘાટ) આદિ સંત મંડળે યેનકેન પ્રકારે સેવા માર્ગદર્શન આપી હરિભક્તોને પ્રોત્સાહિત કર્યા હતા. પૂ.શા. રામ સ્વામીએ વક્તાપદે વિરાજી કથામૃતનું ભક્તોને રસપાન કરાવ્યું હતું.

જીવરાજપાર્ક અને આજુબાજુના વિસ્તારના હરિભક્તોએ યજમાન બની સુંદર સેવા કરી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. આ પ્રસંગના દર્શન ઈલેક્ટ્રોનિક મિડીયાના માધ્યમ અને આપણી વેબ સાઈટ પર પણ કરાવ્યા હતા. સૌ ભક્તો ઉપર ધર્મકુળ ખૂબજ રાજી થયું હતું. (ભરત ઠક્કર, જીવરાજપાર્ક)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨૩) નિર્જળા એકાદશીની ઉજવણી**

શ્રી સ્વામિનારાયણ મંદિર (સે-૨૩)માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી, અમી દ્રષ્ટિથી સત્સંગની ભજન ભક્તિની - વ્રતોત્સવોની પ્રવૃત્તિઓ જય જયકાર સાથે ચાલી રહી છે.

જેઠ સુદ-૧૧ નિર્જળા એકાદશીના જળદાનનો વિશેષ મહિમા છે. અત્રે વસતા હજારો ભાવિકોએ આજના દિવસે આપણા મંદિરમાં ભગવાનને જળ ભરેલી મટુકીઓ, અર્પણ કરી હતી. અનેક હરિભક્તોએ નિર્જળા ઉપવાસ સાથે સભામાં સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના પદોનું સમૂહમાં સંકીર્તન કર્યું હતું. અત્રે નિર્જળા એકાદશીની વિશિષ્ટ રીતે ઉજવણી થાય છે. (વિનોદભાઈ સોની)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર ૧૮ મો પાટોત્સવ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં અખંડ મહામંત્ર ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને પૂ. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગરનો ૧૮ મો પાટોત્સવ તા. ૧૧-૬-૧૩ ના રોજ પ.ભ. પટેલ મગનભાઈ ડુંગરશીભાઈના યજમાન પદે વિધિવત રીતે સંપન્ન થયો.

આ પ્રસંગે તા. ૧૧-૬-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. સૌ પ્રથમ બહેનોના મંદિરમાં અને ત્યારબાદ ભાઈઓના મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં વિરાજમાન થયા હતા. અને સમસ્ત સભાને સૌ ભક્તોને સંપ રાખી ભગવાનનું ભજન કરવા તથા શ્રી નરનારાયણદેવનો ચોખ્ખો ધર્માદો કાઢવા ખાસ અનુરોધ આજ્ઞા કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સ્વામી લક્ષ્મણજીવનદાસજી (એપ્રોચ) આનંદ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. સભા સંચાલન શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ કર્યું હતું.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં સંત-હરિભક્તોનો ઉત્સાહ પણ દાદ માગી લે તેવો છે. ૪૧ માં પ્રાકટ્યોત્સવના

અંતર્ગત પ્રથમ ૧૪૧ મિનિટ અખંડ મહામંત્ર ધૂન્ય તા. ૨૩-૬-૧૩ ને રવિવારે શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર ખાતે યોજવામાં આવી હતી. ૭૦૦ જેટલા ધર્મકુળ પ્રેમી હરિભક્તો ધૂન્યમાં જોડાયા હતા.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર ગુરુકુળ)

**જેતલપુરધામમાં મહિલા શિબિર**

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાબાશ્રી ની આજ્ઞા-આશીર્વાદથી જેતલપુરધામમાં ભવ્ય મહિલા શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેતલપુર તથા આજુબાજુ ના ગામના તથા અમદાવાદના એમ કુલ ૧૨૦૦ જેટલા બહેનો એ લાભ લીધો હતો. સમગ્ર આયોજન જેતલપુરધામ ના સાં.યો. બચીબા તથા તેમના શિષ્ય મંડળે કર્યું હતું. અમદાવાદ તથા જેતલપુર ના સાં.યો. બહેનો એ સત્સંગની વાતોથી સૌને તરબોળ કર્યા હતા. સમગ્ર સંચાલન સાં.યો. નર્મદાબાએ કર્યું હતું. અંતમાં પ.પૂ. ગાદીવાળાબાશ્રી એ આશીર્વાદ પાઠવ્યા હતા. સૌએ પ્રસાદ લઈને જીવન ધન્ય બનાવ્યું હતું. જમવાની તથા અન્ય તમામ વ્યવસ્થા જેતલપુરધામના મહંત સ. ગુ. કે. પી. સ્વામી એ કરી હતી.

(શા.સ્વા. ભક્તિનંદનદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર જેતલપુરધામ પદયાત્રા (પટેલ) તથા કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી આનંદપ્રસાદદાસજી (કાંકરિયા)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ માણેકપુર (પટેલ) દ્વારા ૧૦૮ કીર્તન ભક્તિ અને સત્સંગ સભાની પૂર્ણાહુતિ પ્રસંગે ''શ્રી અષ્ટોતરશત ભજન સમાપન'' મહોત્સવના ઉપક્રમે ''શ્રીહરિ ઐશ્વર્ય દર્શન'' પંચાન્હ પારાયણ સ.ગુ.શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા)ના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે સમૂહ મહાપૂજાના આયોજનમાં ૧૧૫ ભક્તોએ લાભ લીધો હતો. તા. ૭-૬-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. નિજ મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને કથાની પૂર્ણાહુતિ કરી હતી. ત્યારબાદ સમસ્ત ભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી.

જેતલપુરધામની પદયાત્રા તા. ૮-૬-૧૩ ના રોજ પ્રાતઃ માણેકપુરથી જેતલપુર પદયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઘણાજ ભક્તો પદયાત્રામાં જોડાયા હતા. ગાંધીનગર (સે-૨), શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ શ્રી નરનારાયણદેવના દર્શન કરી કાંકરિયા મંદિરશ્રી બાલસ્વરૂપશ્રી કષ્ટભંજન દેવના દર્શન કર્યા હતા. જ્યાં મહંત સ્વામી અને આનંદ સ્વામીએ પદયાત્રીઓનું ભોજન આદિ વ્યવસ્થા કરી સન્માન કર્યું હતું. જ્યાં કીર્તન ભક્તિ ભજન કરીને પદયાત્રા જેતલપુર આવી હતી. શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દર્શન કર્યા હતા. જ્યાં મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. પી.પી. સ્વામી અને મહંત કે.પી. સ્વામીએ પદયાત્રીઓનું સ્વાગત કરી સૌને ઉતારા પ્રસાદ વગેરેની સુંદર વ્યવસ્થા કરી હતી. જ્યાં એક કલાક ભજન કીર્તન બાદ મહંત સ્વામીએ દરેક પદયાત્રીને જેતલપુર મહિમા પુસ્તક અને કીર્તનની સી.ડી. ભેટ રૂપે આપી હતી. સૌ ભક્તોએ અલૌકિક પદયાત્રાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ માણેકપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયામાં શ્રીમદ્ ભાગવત પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટનના ઉપક્રમે પ.પૂ. મોટા મહારાજશ્રીના શ્રી મુખે પ્રારંભ થયેલ શ્રી જનમંગલ નામાવલિ વિવેચન પૂર્ણાહુતિ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયામાં સૌ પ્રથમ શ્રીમદ્ ભાગવત પારાયણનું આયોજન તા. ૧૨-૬-૧૩ થી તા. ૧૬-૬-૧૩ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે સંગીતના મધુર તાલે સંપન્ન થયું.

શ્રીજનમંગલ મહોત્સવ અંતર્ગત ભવ્ય પોથીયાત્રા નંદસંતો રચિત કીર્તન-રાસ રમતા યજમાનશ્રીના

નિવાસેથી નીકળી કથા સ્થળે પહોંચ્યા હતા. જ્યાં કથામાં શ્રી કૃષ્ણ જન્મોત્સવનું સુંદર આયોજન થયું હતું. આ પ્રસંગે આપણા પ્રાણ પ્યારા વિશ્વવંદનીય પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને સૌ ભક્તોને દર્શન આપી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આશીર્વાદ પધાર્યા હતા. છેલ્લે પૂર્ણાહુતિના દિને આપણા સૌના પ્રાણ પ્યારા પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. સભામાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળે મોગરાના ૧૦૦૦ પુષ્પોનો હાર પહેરાવી રાજીપા સાથે આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ધામોધામના સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગ પૂ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ના માર્ગદર્શનથી સુંદર રીતે સંપન્ન થયો. યુવક મંડળે અલ્પાહારની સેવા તેમજ યજમાનશ્રી અને સ્થાનિક હરિભક્તોએ સુંદર સેવા કરી શ્રીહરિ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો. (ચેતન પટેલ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

**બાલવા ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૧ માં પ્રાક્ટ્યોત્સવના ઉપલક્ષમાં વૃક્ષારોપણ**

આપણા સૌના પ્રાણપ્યારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં અનેક ધાર્મિક તેમજ સામાજીક કાર્યક્રમો પૈકી અત્રે બાલવા ગામે હરિભક્તો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા ૧૧૦૦ વૃક્ષના રોપા જેવા કે, બાગાયતી, જામફળ, આંબો, બોરસલી, જાંબુ આદિ છોડોનું ફ્રી વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન બાલવા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને બાળ મંડળ દ્વારા થયુ હતું. સાથે જનમંગલ પાઠ અને મંત્ર લેખનની પણ શરૂઆત કરવામાં આવી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાલવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજનો ૧૨૬ મો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળ પરિવારના આશીર્વાદથી અને અત્રેના મહંત સ્વામી માધવપ્રસાદદાસજીની પ્રેરણાથી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને હરિભક્તોના સહકારથી પ્રાંતિજ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૧૨૬ મો પાટોત્સવ જેઠ સુદ-૨ તા. ૧૦-૬-૧૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં અને સંતોની શુભ નિશ્રામાં હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં પ.ભ. દિપકભાઈ દશરથલાલ મોદી પરિવારના યજમાન પદે વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે સવારે ૯-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં બિરાજમાન થઈ યજમાન પરિવાર અને સમસ્ત હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શા. ઘનશ્યામ સ્વામી (માણસા)એ કર્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રી અન્નકૂટ આરતી ઉતારીને હરિભક્તોને દર્શન આશીર્વાદનું સુખ આપી સ્વસ્થાન પધાર્યા હતા. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આનંદપુરા પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા હરિભક્તોના સાથ સહકારથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૦-૫-૧૩ના રોજ ઠાકોરજીનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે શા.સ્વા. માધવપ્રિયદાસજી (સિધ્ધપુર)એ કથાવાર્તા કરીને અન્નકૂટ આરતી ઉતારી હતી. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગોઠીબ સુવર્ણ કળશ મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદ સહ રાજીપાથી અને સ.ગુ.શા.સ્વા. નિર્ગુણદાસજીની પ્રેરણાથી પંચમહાલના ઝાડી દેશના સત્સંગના મુખ્ય ગામ ગોઠીબ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨ જો વાર્ષિક પાટોત્સવ તથા સુવર્ણ કળશ તથા સુવર્ણ ધ્વજદંડ સ્થાપન મહોત્સવ તા. ૧૨-૬-૧૩ થી તા. ૧૬-૬-૧૩ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભક્ત ચિંતામણી ગ્રંથની પંચાન્હ પારાયણ શા.સ્વા. બ્રહ્મવિહારીદાસજી (ચરાડવા મહંતશ્રી)ના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે સુવર્ણ કળશ એવં ધ્વજદંડનું પૂજન અને હોમાત્મક મહાપૂજાની પૂર્ણાહુતિનું શ્રીફળ હોમી સમસ્ત હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

ઠાકોરજી એવં કળશ નગરયાત્રા મહાભિષેક, અન્નકૂટ આદિ કાર્યક્રમ સુંદર થયા હતા. ઝાડી દેશના હરિભક્તોએ અલૌકિક લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. ધામોધામથી સંતો પણ પધાર્યા હતા. શા.સ્વામી સત્યપ્રકાશદાસજી (મૂળી) માર્ગદર્શક રહ્યાં હતાં. (જીગર પટેલ)

**ધરમપુર (તા. કડી) ગામે પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીની પધરામણી**

કડી તાલુકાના ધરમપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. ઠાકોરજીની આરતી ઉતારીને બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. ત્યાંથી ધર્મકુળ પ્રેમી નાનીબા રામજીભાઈ (વકીલ)ને ત્યાં તેમની વૃધ્ધાવસ્થાને કારણે દર્શન આપવા પધાર્યા હતા. અને રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. (કંચનબેન પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા**

શ્રીહરિની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી તથા શા.સ્વા. માધવપ્રસાદદાસજી અને સ.ગુ. હરિપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૨-૬-૧૩ ના રોજ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજને કેશર સ્નાન વેદ વિધિસર સંપન્ન થયેલ. શ્રીહરિની અંતર્ધાન તિથિ જેઠ સુદ-૧૦ નિમિત્તે અને ઉત્તરાખંડના યાત્રિકોની શાંતિ માટે મહામંત્ર ધૂન કરી હતી. સ.ગુ.શા. માધવસ્વામીએ શ્રીહરિની લીલા ચરિત્ર કથાનું સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. અમદાવાદ કાલુપુર મંદિરમાં સ્કીમ કમિટીમાં નવા નિમાયેલા સભ્ય પ.ભ. રસિકલાલ અંબાલાલ પટેલ (મોખાસણ)નું સ્વાગત કરી તેમને સૌ સંત હરિભક્તોએ આવકાર્યા હતા. પ.ભ. ઘનશ્યામભાઈ પટેલ (ફુવા) અને પ.ભ. જયંતીભાઈ પટેલ (નેશનલ) આદિ હરિભક્તોએ અને મહંત સ્વામીએ પણ તેઓ દેવ-સત્સંગની પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં રહી ખૂબજ સારી નિષ્ઠાપૂર્વક સેવા બજાવે તેવી ઘનશ્યામ મહારાજ સમક્ષ પ્રાર્થના કરી હતી. (ઘનશ્યામભાઈ પટેલ, નારણપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણ પાટોત્સવ - શ્રી હનુમાનજી ગણપતીજી મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમસ્ત ધર્મકુળ પરિવારના આશીર્વાદથી અને જેતલપુર ધામના સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી અને સ.ગુ. શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અને હરિભક્તોના સંપૂર્ણ સાથ સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણમાં બિરાજમાન ઠાકોરજીનો પાટોત્સવ અને શ્રી હનુમાનજી ગણપતીજીની પ્રાણ પ્રતિષ્ઠા આદિ પ્રસંગો ધામધૂમથી ઉજવાયા હતા.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧-૬-૧૩ થી તા. ૫-૬-૧૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ના વક્તાપદે સંગીતના તાલે સુમધુર કંઠે ભક્તજનોએ શ્રવણપાન કરી ધન્ય ધન્ય બન્યા હતા. ત્રિદિનાત્મક વિષ્ણુયાગ વિધિવત રીતે થયો હતો. ઘણા ભક્તજનોએ તેમાં લાભ લીધો હતો. તા. ૫-૬-૧૩ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ, શ્રી હનુમાનજી ગણપતિજી પ્રતિષ્ઠા, યજ્ઞ અને પારાયણની પૂર્ણાહુતિ થઈ હતી.

ઝુલાસણ ગામના હરિભક્તો ઉપર રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર પ્રસંગમાં જેતલપુર મહંત શ્રી કે.પી. સ્વામી, શા. ભક્તિ સ્વામી આદિ પ્રેરક રહ્યાં હતાં. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રસંશનીય હતી. (શા.ભક્તિનંદનદાસ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

**શ્રીહરિના પ્રસાદીના આદરજ ગામે પ્રથમ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રીહરિએ સંપ્રદાયમાં જ્યાં પ્રથમ અન્નકૂટોત્સવ કરેલ તેવા મહાપ્રસાદીના તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિર આદરજનો પ્રથમ પાટોત્સવ તા. ૧૩-૬-૧૩ ના રોજ વિધિવત રીતે સંપન્ન થયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ શા.સ્વા. સત્યસંકલ્પદાસજી (મૂળી)ના વક્તા પદે અને ગવૈયા સંત સુવ્રતદાસજીએ સંગીત પિરસ્યુ હતું.

સહિંતાપાઠમાં શા.સ્વા. બાલસ્વરૂપદાસજી (મૂળી) બિરાજ્યા હતા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી બાપુનગરના સત્સંગી મહિલા મંડળે અન્નકૂટ બનાવવાની અદ્ભુત સેવા કરી હતી. તા. ૧૩-૬-૧૩ના રોજ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ વિધિવત રીતે સંપન્ન થયો હતો. સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. પાટોત્સવના મુખ્ય યજમાન પટેલ મુકેશભાઈ રમણભાઈ (ધમાસણા) રહ્યાં હતાં. પારાયણના યજમાન પટેલ નારાયણદાસ ખુશાલદાસ (મોખાસણ) રહ્યાં હતાં. પ્રસંગના આયોજક અત્રેના સ્વામી રામકૃષ્ણદાસજી રહ્યાં હતા. ધમાસણા ગામના હરિભક્તોએ સુંદર સેવા બજાવી હતી.

(કોઠારીશ્રી મહોતજી ઠાકોર)

**ન્યુ રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા**

સર્વોપરી ભગવાન સ્વામિનારાયણને શ્રીનગર શહેર ખૂબજ ગમે છે. અહીં શ્રીહરિના નિષ્ઠાવાન આશ્રિતો લાખોની સંખ્યામાં છે. તેથી તો દર વર્ષે એક બે નવા મંદિર શ્રી નરનારાયણદેવ ગાદી સ્થાનનાં થાય છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી અને ન્યુ રાણીપના સમસ્ત સત્સંગ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સાથ સહકારથી શ્રી નરનારાયણદેવનું શ્રી સ્વામિનારાયણ મંદિર, આનંદ પાર્ટી પ્લોટ રોડ, આલોક ફલેટ સામે, તૈયાર થતા તા. ૧૧-૬-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ. જેમાં અનેક હરિભક્તોએ યજમાન બની લાભ લીધો. સૌ ભક્તોની ઘણા વરસ બાદ મનોકામના સિધ્ધ થઈ અને ન્યુ રાણીપમાં સ્વયં ભગવાન શ્રીહરિ વિરાજ્યાં. ભગવાન ભજવાનું નિરાંતે સુખ પ્રાપ્ત થયું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ન્યુ રાણીપ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમાં કથા-પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં મૂળી ધામના અ.નિ. સ.ગુ. શા.સ્વા. ગોપીવલ્લભદાસજી, અ.નિ.સ.ગુ. સ્વામી ત્યાગવલ્લભદાસજી, અ.નિ. સ.ગુ. સ્વા. માધવપ્રિયદાસજી અને અ.નિ. સ.ગુ. સ્વા. ગોવિંદપ્રસાદદાસજીની સ્મૃતિ અર્થે તેમના શિષ્ય પરંપરાના સ.ગુ. પૂજારી સ્વામી જયપ્રકાશદાસજી અને સ.ગુ. સ્વામી ચંદ્રપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ મૂળી મંદિરના મહંત સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી તથા કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી તા. ૩૦-૪-૧૩ થી તા. ૬-૫-૧૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સ.ગુ.શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. કથામાં આવતા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી (બહેનોને) ખાસ પધારેલા અને સંત-હરિભક્તોને દર્શન આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. તા. ૬-૫-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા. સૌ પ્રથમ ઠાકોરજીની અન્નકૂટ આરતી કરી મહામંત્ર ધૂન્યની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સભામાં વિરાજમાન થયા હતા. જ્યાં કથાની પૂર્ણાહુતિ અને ૧૧ સહિંતાપાઠ શાસ્ત્રોનું પૂજન કરી સંતો-હરિભક્તોને માર્મિક ટકોર સાથે દેવના થઈ રહેવા અંગે રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શા.સત્યપ્રકાશદાસજીએ કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**નરનારાયણનગર મંદિર (હળવદ) પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી નરનારાયણનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૪-૬-૧૩ના રોજ ૭ મો પાટોત્સવ સુંદર રીતે ઉજવાયો હતો. સભામાં સાધુ શ્રીજીસ્વરૂપદાસે મૂળી ધામે પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવવાનો છે.

તેમાં હળવદ દેશના સૌ હરિભક્તોને ગુરુપૂજનનો લાભ લેવા હાકલ કરી હતી. (અનીલભાઈ દુધરેજીયા, ધ્રાંગધ્રા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બરવાળા (મોરબી)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૯-૬-૧૩ ને રવિવાર અત્રે બરવાળા ગામે સુંદર સત્સંગ સભા સ્વામી ભક્તિ હરિદાસજી અને તેમના શિષ્ય મંડળ દ્વારા કરવામાં આવી હતી. જેમાં દેવ, આચાર્યશ્રીને વફાદાર રહી સત્સંગની પ્રવૃત્તિ કરતા રહેવું. તેમજ ગુરુપૂર્ણિમાના રોજ મૂળીધામે પ.પૂ. મોટા મહારાજશ્રી દર્શન આપવા પધારશે તો હરિભક્તોને ખાસ લાભ લેવા ભલામણ કરી હતી. બાવરિયા શાંતિભાઈ આદિ હરિભક્તો સભાના પ્રેરક રહ્યાં હતા.

(અનીલભાઈ ધ્રાંગધ્રા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રતનપર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વા. નરનારાયણદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરના ૯ માં પાટોત્સવ નિમિત્તે શ્રીમદ્ સત્સંગિભૂષણ રાત્રી કથા શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. જેના યજમાન પ.ભ. બાબુભાઈ અડાલજા રહ્યાં હતા. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી સભામાં બિરાજમાન થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ. મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના કરી હતી. સમગ્ર પ્રસંગમાં કે.પી. સ્વામી અને કાળુ ભગતે સુંદર સેવા બજાવી હતી. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભરાડા મૂર્તિ પ્રતિષ્ઠા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા મુળી મંદિરના પૂર્વ મહંત સ્વામી શા. નારાયણપ્રસાદદાસજી ની પ્રેરણાથી શ્રીજી મહારાજના ચરણકમળથી અંકિત ગામ ભરાડા માં ભાઈઓના સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૪-૫-૧૩ થી ૩૦-૫-૧૩ સુધી ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રીમદ્ભાગવત સપ્તાહ પારાયણ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તા પદે સ. ગુ. શા. સ્વામી ભક્તિનંદનદાસજી ગુરુ સ. ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ (જેતલપુરધામ) બિરાજી કથામૃત નું રસપાન સંગીત સાથે કરાવ્યું હતું. આ પ્રસંગે ભવ્ય મહાવિષ્ણુયાગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૯-૫ ના સાંજે ભવ્ય ઠાકોરજીની નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામનાં તમામ ભક્તોએ ખૂબજ ઉત્સાહ ઉમંગથી ભાગ લીધો હતો. તા. ૩૦-૫ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ભરાડા ગામે પધાર્યા ત્યારે શોભાયાત્રા માં પણ એવો જ ઉત્સાહ રહ્યો હતો ને ભાવ પ્રેમથી શોભાયાત્રા ગામમાં ફરી હતી. ત્યાર બાદ પ્રથમ ભાઈઓ ના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. જેમાં સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન તથા વિઘ્નવિનાયક ગણપતિ મહારાજની પ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી હતી. ત્યાર બાદ યજ્ઞનારાયણની પૂર્ણાહુતિનું શ્રીફળ હોમી ને કરી હતી સાથે યજમાનો પણ રહ્યા હતા. ત્યારબાદ સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા, પ્રથમ ધર્મકુળ પૂજન આરતી દ્વારા કરવામાં આવ્યું હતું. યજમાનશ્રીઓ દ્વારા સંતોનું પૂજન થયું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ તમામ યજમાનશ્રીઓનું સન્માન કર્યું હતું. ધામોધામ થી સંતો પણ પધાર્યા હતા. અંતમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામ થી સાં.યો. બહેનો પણ પધાર્યા હતા. સમગ્ર મહોત્સવ નું સંચાલન શા. સ્વામી હરિપ્રકાશદાસજી (મકનસર મહંતશ્રી) એ કર્યું હતું. સમગ્ર આયોજન શા. સ્વામી આત્મપ્રકાશદાસજી (સાયલા ગુરુકુલ) તથા ભરાડાના તમામ ભક્તજનો એ કર્યું હતું. યુવાનોની સેવા ખૂબ જ બિરદાવવા જેવી તેમજ મહિલાઓ ની સેવા પ્રશંસનીય રહી હતી. (શા. આત્મપ્રકાશદાસજી (સાયલા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રી તેમજ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી અત્રે સત્સંગ પ્રવૃત્તિ સુંદર થાય છે.

જૂન માસમાં વિવિધ ચેપ્ટરોના સંતોએ અહીં કથા વાર્તાનું સુખ આપ્યું હતું. આપણા સુપ્રસિધ્ધ વિદ્વાન સંત સ.ગુ.શા. સ્વામી નિર્ગુણદાસજી અને જ્ઞાન સ્વામીના આમંત્રણથી બાયરન મૂર્તિ પ્રતિષ્ઠામાં હરિભક્તો પધાર્યા હતા અને દેવ દર્શન અને આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળના દર્શન કરી ધન્ય બની ગયા હતા. અને વોશિંગ્ટન ડી.સી.માં પણ મૂર્તિ પ્રતિષ્ઠામાં પધારવા અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી

હરિકૃષ્ણદાસજી અને શા. રામ સ્વામીએ સૌ હરિભક્તોને ભલામણ કરી હતી. શા. રામ સ્વામીએ સુંદર કથાનો લાભ આપ્યો હતો. પ્રેસી. શ્રી જગદીશભાઈ એ ઉપરોક્ત બન્ને મંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠામાં સૌ હરિભક્તોને યેનકેન પ્રકારે સેવા કરવા પણ જણાવ્યું હતું. **પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઓગસ્ટ માસમાં શિકાગો મંદિરમાં યુવા શિબિરમાં જોડાવા યુવકોને ખાસ અનુરોધ કર્યો હતો.** (વસંતભાઈ ત્રિવેદી)

**કલિવલેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિરનો પંચમ વાર્ષિક પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો**

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ.ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા પ.પૂ. શ્રીરાજાના પૂર્ણ રાજીપાથી અમેરિકાના કલિવલેન્ડ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન મહાપ્રતાપી શ્રીઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રીનરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ આદિક દેવોનો પંચમ વાર્ષિક પાટોત્સવ તા. ૧૬, જૂન ૨૦૧૩ થી ૨૩, જૂન ૨૦૧૩ દરમ્યાન સમગ્ર ધર્મકુળ અને સંતોના સાનિધ્યમાં ખૂબ ધામધૂમ પૂર્વક ઉજવાયો.

પાટોત્સવ અંતર્ગત શ્રી મદ્ રામચરિત માનસ સપ્તાહ પારાયણનું પણ આયોજન કરેલ, કથાના વક્તાપદે સંપ્રદાયના નવયુવાન કથાકાર શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી રહ્યા હતા. કથા અંતર્ગત તા. ૧૮, જૂનના રોજ મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ પ્રભુ નો જન્મોત્સવ તથા તા. ૨૦ જૂન ના રોજ આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનો જન્મોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ખૂબ ધામધૂમપૂર્વક ઉજવાયો.

તા. ૨૨ જૂનના રોજ શ્રી મારુતિ યજ્ઞનું આયોજન કરેલ. જેમાં ૩૫ જેટલાં પરિવારોએ યજમાન પદે રહીને લાભ લીધો હતો. અને તેજ દિવસે સાંજે કથાની પૂર્ણાહુતિ કર્યા પછી **NNDYM**ના યુવાનોએ સુંદર મજાનો સાંસ્કૃતિક પ્રોગ્રામ સમગ્ર ધર્મકુળ તથા સંતો હરિભક્તોની ઉપસ્થિતિમાં રજુ કર્યો હતો.

તા. ૨૩ જૂનના સવારે નિજ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો અભિષેક શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો હતો. અને બપોરે મહોત્સવની પૂર્ણાહુતિ બાદ ભાવિ આચાર્ય શ્રીવ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે છપ્પન ભોગ અન્નકૂટ આરતી ના દર્શન કરી સૌ ધન્ય ભાગી બન્યા હતા.

આ પંચમ પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. શ્રી ગીરીશભાઈ અને દિપીકાબેન પટેલ પરિવાર રહ્યાં હતા. અને કથાના મુખ્ય યજમાન પ.ભ. ડૉ. વાલજીભાઈ અને મીનાક્ષીબેન મુંજપરા રહ્યાં હતાં.

આ સમગ્ર મહોત્સવમાં કલિવલેન્ડ મંદિરના તમામ બહેનોની સેવા અજોડ રહી હતી. સાતે સાત દિવસ સ્થાનિક તથા બહાર ગામથી આવતા હરિભક્તો માટે પ્રસાદની ખૂબ સુંદર વ્યવસ્થા કરી હતી.

સાથે સાથે કલિવલેન્ડ મંદિરના પ્રમુખ પ.ભ. શ્રીપ્રકાશભાઈ પટેલ તથા કમિટિના સભ્યોએ તથા સમસ્ત સત્સંગ સમાજે તથા ભારતદેશથી પધારેલા શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી તથા આપણા મંદિરના પૂજારી સ્વામી શ્રીજીસ્વરૂપદાસજીના માર્ગદર્શન મુજબ મહોત્સવની સુંદર વ્યવસ્થા કરી હતી.

આ મહોત્સવમાં પૂ. મોટા પી.પી. સ્વામી, બ્ર. સ્વામી પવિત્રાનંદજી, સર્વેશ્વર સ્વામી, ઘનશ્યામ સ્વામી, રામ સ્વામી, વ્રજ સ્વામી, સ્વયંપ્રકાશ સ્વામી, નરનારાયણ સ્વામી, વિવેક સ્વામી, હજુરી પાર્ષદ વનરાજ ભગત, કનુ ભગત આદિ સૌએ દર્શન તથા આશીર્વાદનો લાભ આપ્યો હતો. (રાકેશભાઈ પટેલ, દર્શન પટેલ)

**શ્રી સ્વામિનારાયણ અંક ન મળવાની ફરિયાદ અંગે**

શ્રી સ્વામિનારાયણ માસિક દર માસની ૧૧ તારીખે નિયમિત અને ચોક્કસાઈ પૂર્વક દરેક સભ્યોને પીનકોડ મુજબ સોર્ટિંગ કરીને પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. ૨૦ તારીખ સુધીમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટમાં તપાસ કરીને અત્રે કાર્યાલયમાં ગ્રાહક નંબર સાથે જાણ કરવી. જો સ્ટોકમાં અંક હશે તો આપને ફરિવાર અંક મોકલવામાં આવશે. ગ્રાહક નંબર વગર ફરિયાદ લેવામાં નહિ આવે.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| વૈશાખ સુદ-૧ | પટેલ સોમાભાઈ ત્રિકમભાઈ (ચુરમાના લાડુ) (હ. પરમેશ્વર સ્વામી) | વરસોડા |
| વૈશાખ સુદ-૧ | અરવિંદભાઈ ઉમાકાન્તભાઈ ક્યાડા (બુંદીના લાડુ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૨ | મહેન્દ્રભાઈ નટવરભાઈ દેરાસરી (ચુરમાના લાડુ) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૨ | અ.નિ. બચુભાઈ ધરમશીભાઈ કથીરીયા (ચુરમાના લાડુ) | બોટાદ |
| વૈશાખ સુદ-૩ | શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ સોસાયટી રાણીપ (મગસના લાડુ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૩ | આયુષ વિશાલ કોઠારી (ચુરમાના લાડુ) | |
| વૈશાખ સુદ-૫ | અમરતભાઈ હીરાભાઈ પટેલ (મગસ) | લાલોડા |
| વૈશાખ સુદ-૭ | જીયા મનીષ દરજી (ચુરમાના લાડુ) | કેરા (કચ્છ) |
| વૈશાખ સુદ-૮ | ઝુંડાલ-ગઢપુર પગપાળા સંઘ (મગશ) (હ. હિતેશભાઈ) | ઝુંડાલ |
| વૈશાખ સુદ-૮ | અ.નિ. સ્વામી જયકૃષ્ણદાસજી (શ્રીખંડ, બુંદીના લાડુ) (હ. રઘુવીર સ્વામી) | સોકલી |
| વૈશાખ સુદ-૯ | જગદીશભાઈ કેશવલાલ પટેલ (મોહન થાળ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૯ | દેવુ ભગત જયસિયારામ (રસ પુરી) (હ. કિશોરભાઈ ગઢીયા, નટુ સ્વામી) | રાણાકંડોરા |
| વૈશાખ સુદ-૧૦ | અલ્કાબેન કિશોરભાઈ મોઢા (મગશ) (હ. નટુ સ્વામી, જે.પી. સ્વામી) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૧૨ | દુધાત નાથાભાઈ વશરામભાઈ (મોહન થાળ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૧૨ | ધનજી રામજી રાબડીયા (મોહન થાળ) | વાડાસર |
| વૈશાખ સુદ-૧૨ | નક્ષ (ચુરમાના લાડુ) (હ. વર્ષાબેન સંજયભાઈ પટેલ) | રાજપુર-કલોલ |
| વૈશાખ સુદ-૧૨ | દેવરાજભાઈ ઝીણા વેકરીયા પરિવાર (મગશ) | બળદીયા-કચ્છ |
| વૈશાખ સુદ-૧૩ | અંબાલાલભાઈ બબલદાસ પટેલ (મોહન થાળ) | ભાવપુરા |
| વૈશાખ સુદ-૧૩ | ડૉ. કનુભાઈ એન્જીનીયર (મોહન થાળ) | અમદાવાદ |
| વૈશાખ વદ-૧/૨ | ગૌતમભાઈ રમેશચંદ્ર ત્રિવેદી (શ્રીખંડ) | ભાવનગર |
| વૈશાખ વદ-૧/૨ | કીર્તિભાઈ જે. દવે (બુંદીના લાડુ) | અમદાવાદ |
| વૈશાખ વદ-૧/૨ | જયેશભાઈ અમીચંદ શાહ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| વૈશાખ વદ-૧/૨ | અરજણ મનજી હિરાણી (મગસના લાડુ) | ફોડકી |
| વૈશાખ વદ-૪ | શ્રી સ્વામિનારાયણ ચારધામ યાત્રા સંઘ (મગશ) (હ. વિષ્ણુભાઈ આર. પટેલ, જે.પી. સ્વામી | અમદાવાદ |
| વૈશાખ વદ-૫ | પટેલ ભારતીબેન ચંદ્રકાન્તભાઈ (મોહન થાળ) | અમદાવાદ |
| વૈશાખ વદ-૫ | નારાણ કાનજી વરસાણી, માવજી નારણ વરસાણી | |
| વૈશાખ વદ-૮ | વિલાબેન રાવજીભાઈ પટેલ (મોહન થાળ) | કુબડથલ |
| વૈશાખ વદ-૮ | હરિશભાઈ રમણલાલ શાહ (મોહન થાળ) | અમદાવાદ |
| વૈશાખ વદ-૯ | રાજન ભાવસાર (ચુરમાના લાડુ) | |
| વૈશાખ વદ-૧૦ | અ.નિ. રમણભાઈ ઈશ્વરભાઈ (મગશના લાડુ) (હ. રાજેન્દ્ર સ્વામી) | ઝુંડાલ |
| વૈશાખ વદ-૧૨ | શ્રી સ્વામિનારાયણ ચારધામ યાત્રા સંઘ (મોહન થાળ) (હ. વિષ્ણુભાઈ આર. પટેલ, જે.પી. સ્વામી) | અમદાવાદ |
| વૈશાખ વદ-૧૨ | વાઘેલા અશોકસિંહ (અ.નિ. નાનુબાની પુણ્યતિથિ નિમિત્તે) (મગશ) (હ. મહાદેવ ભગત) | |
| વૈશાખ વદ-૧૨ | બાબુભાઈ મણીલાલ પટેલ (મોહન થાળ) | મોખાસણ |
| વૈશાખ વદ-૧૨ | પ્રેમજી દેવજી વેકરીયા (મગશ) | નારાણપર |
| વૈશાખ વદ-૩૦ | રમણભાઈ જેસંગભાઈ ચૌધરી (મગશ) (હ. મુકેશભાઈ ઘનશ્યામભાઈ) | બાલવા |
| વૈશાખ વદ-૩૦ | સોની ચંપાબેન રમણલાલ (મૈસુબ) | |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે

૬૬૬/- મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- અ.નિ. તેજસકુમાર કનુભાઈ ભાવસારના સ્મરણાર્થે સાણંદ
૧૧૦૦/- દક્ષાબેન સંજયભાઈ નવા મકાન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ મીનાબેન ધર્મેન્દ્રભાઈ લગ્ન તિથિ નિમિત્તે બોપલ
૧૦૧/- પટેલ ધર્મેન્દ્રભાઈ જશભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે બોપલ
૧૦૧/- પરમાર બળવંતસિંહ એસ. શ્રીજી પ્રસન્નાર્થે બળોલ-ભાલ
૨૦૦/- પટેલ પરેશભાઈ ચિમનભાઈ દાલોદ
ચિ. પ્રિન્સ અને અવનીના જન્મ દિને
૨૦૦/- પટેલ ગીરીશભાઈ કનુભાઈ ચિ. રૂદ્રના જન્મ દિને મોખાસણ
૧૦૧/- મોકાણી નીમુબેન હરજીવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૫૦/- પટેલ ઈશ્વરભાઈ હરિભાઈ ફુલદાસ ગોવિંદપુરા-વેડા
૨૫ મી પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- પટેલ આર્યન દેવેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કુબડથલ
૧૦૧/- પટેલ રૂદ્ર દેવેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કુબડથલ
૧૦૦/- પટેલ કેશવલાલ વિઠ્ઠલદાસ પૌત્રના સગપણ નિમિત્તે વિહાર
૧૦૧/- રાદડીયા જીજ્ઞેશભાઈ દિનેશભાઈ સગાઈ નિમિત્તે અમદાવાદ
૨૨૨/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૫૧/- અમીન જગદીશભાઈ શંભુભાઈ જન્મ દિને દહેગામ
૨૦૦/- પટેલ પોપટલાલ કેશવલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમેરિકા
૧૦૦/- પટેલ કૃપલ તથા યશ્વી શ્રીજી પ્રસન્નાર્થે વડોદરા
૧૦૧/- પટેલ વેદાંત પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/- કા. હરિકૃષ્ણભાઈ કોદરલાલ શ્રીજી પ્રસન્નાર્થે રાબડીયા
૧૫૧/- અ.નિ. પટેલ કાળીદાસભાઈ ડાહ્યાભાઈના સ્મરણાર્થે નાંદોલ
૧૦૦/- પટેલ હરિભાઈ નાથાભાઈ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે નાંદોલ
૧૦૦/- પટેલ વિરાજ હર્ષદભાઈ જન્મ દિને નાંદોલ
૧૦૧/- પરમાર વિજય હર્ષદભાઈ સ્વા. મંદિર કાલુપુર
નવું બાઈક છોડાવ્યું તે નિમિત્તે
૧૦૦/- વાઘેલા હિતેષકુમાર હેમરાજભાઈ લગ્ન તિથિ નિમિત્તે જામસર
૧૦૦/- પટેલ જગદીશભાઈ એન. શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૧૦૧/- ચૌહાણ રાજેશભાઈ પ્રાગજી નવસારી
નવા મકાનમાં ગૃહ પ્રવેશ નિમિત્તે
૧૦૧/- સાપરીયા પ્રકાશભાઈ કિશોરભાઈ પુત્રીના જન્મ પ્રસંગે મુંબઈ
૧૫૦/- સાપરીયા જયંતીલાલ ડાહ્યાલાલ નવી રૂમ નિમિત્તે મુંબઈ
૧૦૦/- ટાંક નિમેષ બિપીનભાઈ ધો-૪ માં પ્રથમ નંબર નિમિત્તે મુંબઈ
૧૦૦/- ચૌધરી રાજુભાઈ ગોવાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૨૦૦/- પટેલ સાકળચંદ કાલીદાસભાઈ દેલવાડાવાળા
ચિ. ધર્માંગભાઈના સ્મરણાર્થે
૧૫૦/- પટેલ જગદીશભાઈ બળદેવભાઈ આનંદપુરા
કેનેડાના સીટીઝન થયા તે નિમિત્તે
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- વાઘેલા વિરપાલસિંહ દિલીપસિંહ સગાઈ નિમિત્તે ગોધાવી
૧૦૦/- દરજી મનોજભાઈ એ. શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- પટેલ સવિતાબેન ગોવિંદભાઈ ૭૦ મી વર્ષગાંઠ નિમિત્તે રાણીપ
૨૦૦/- પટેલ કિરીટભાઈ કાંતિલાલ ચિ. અનમોલના લગ્ન પ્રસંગે દેલવાડા
૧૧૧/- મોરી ભીખાભાઈ દાનુભાઈ નવા બોર નિમિત્તે ડેડીયાસણ
૧૦૦/- પટેલ દિનેશભાઈ કાંતિલાલ ચિ. પલકના જન્મ દિને અમદાવાદ
૫૦૦/- પટેલ દિક્ષિત-રવિ જયંતીભાઈ અમદાવાદ
રશ્મિકાબેને સીડનીમાં નવું મકાન કર્યું તે નિમિત્તે
૧૦૧/- ચાવડા મહાવીરસિંહ કરશનભાઈ બળોલ-ભાલ
નવું બાઈક લીધું તે નિમિત્તે
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે સુકાટીંબા
૧૦૦/- ડૉ. અમરીષભાઈ ગંગારામભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે નવા નરોડા
૧૦૧/- મહેતા જીવંતિકા લક્ષ્મીકાન્ત દહેગામ
ચિ. તેજસ થર્ડ એલ.એલ.બી.માં પાસ નિમિત્તે
૨૦૧/- રાણા જગતસિંહ બી. ચિ. કોમલની ચુંદડી નિમિત્તે દહેગામ
૨૦૧/- મોદી હસમુખલાલ પ્રહલાદભાઈ અમદાવાદ
પૌત્રી કેનિશાના પ્રથમ જન્મ દિને
૨૦૧/- પટેલ રમણભાઈ નારણદાસ ગાંધીનગર
નવા મકાનમાં વાસ્તુપૂજન નિમિત્તે
૧૦૦/- પારેખ પરેશભાઈ ગુણવંતભાઈ ઓઢવ
તેમના માતા-પિતાની પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- ચૌહાણ ચંદ્રજીતસિંહ જીવણસિંહ ચિ. મહર્ષિના જન્મ દિને બાવળા
૧૦૦/- પરમાર દિલીપસિંહ મોતીભાઈ ચિ. આયુષીના જન્મ દિને ભાયલા
૫૫૧/- પટેલ અનંત પિયુષકુમાર પુત્ર જન્મ પ્રસંગે અમદાવાદ
૧૦૧/- ડાભી કલ્પેશ જી. જન્મ દિને મહેસાણા
૨૦૦/- પટેલ રસિકભાઈ ભગત વેડાગોવિંદપુરા
પૌત્રી જીયાબેનના સ્વદેશ ગમન પ્રસંગે
૧૦૦/- પટેલ રસિકભાઈ ભગત વેડાગોવિંદપુરા
શ્રી નરનારાયણદેવ સમક્ષ ધૂન ભજન નિમિત્તે
૨૦૦/- રાઠોડ શિતલબેન હસમુખભાઈ અમદાવાદ
ચિ. ખુશ્બુબેનના લગ્ન પ્રસંગે
૧૦૦/- પોપટ હિરબેન નિલેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે કેશોદ
૫૦૦/- પટેલ નટવરભાઈ કચરદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે સોજા
૧૦૧/- પટેલ દિનેશભાઈ અમૃતભાઈ ચિ. ભત્રીજાના લગ્ન નિમિત્તે વિહાર
૧૦૧/- કાછીયા મયુર અમૃતલાલ જન્મ દિને મુંબઈ
૧૦૧/- કાછીયા પ્રિયલ મેહુલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/- કા. જય મયુર શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૨૫/- નાયી રમણલાલ કેશવલાલ ડેમાઈ
ચિ. ચારુલ તથા સોનલના લગ્ન નિમિત્તે
૧૦૧/- પટેલ અમિતકુમાર હસમુખભાઈ મરઘાભાઈ ઉનાવા
પુત્ર સહજના જન્મ પ્રસંગે
૨૦૧/- પટેલ જયશ્રીબેન સમીરકુમાર પુત્ર કિયાનના જન્મ પ્રસંગે અંબાપુર
૧૦૧/- વડોદરીયા જશ કેતનકુમાર અમદાવાદ
શ્રી નરનારાયણદેવ કૃપાથી પુત્ર જન્મ પ્રસંગે

૧૫૦/- ન્યાલકરણ ફૂટવેર ઉદ્‌ઘાટન નિમિત્તે રાજકોટ
૧૦૧/- પટેલ નિકીબેન દક્ષેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- સોલંકી ભાવનાબેન ઉમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ યશ્વી કૃણાલભાઈ જન્મ દિને કનીપુર
૧૦૦/- પટેલ પ્રતિક કાંતિભાઈ ગાડી નિમિત્તે હીરાપુરા
૧૦૧/- વરૂ ઉર્મિલાબેન રાજેશકુમાર જીરાગઢવાળા
છપૈયાધામ યાત્રા નિમિત્તે
૧૦૧/- પટેલ રાજેશભાઈ જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૧/- કા. વિકાસ પ્રવિણચંદ્ર લગ્ન પ્રસંગે લુણાવાડા
૨૦૨/- ચોટલીયા દયાળજીભાઈ ધૂળકોટ
ચિ. મુકેશ અને ચિ. પુત્રી મનીષાના લગ્ન નિમિત્તે
૧૦૧/- વાઘેલા સંજય પ્રવિણભાઈ ચિ. પુત્રી રૂત્વીના જન્મ નિમિત્તે રાજકોટ
૧૦૧/- વાઘેલા પ્રવિણભાઈ ભીમજીભાઈ રાજકોટ
ચિ. મનીષાના ત્યાં ક્રિશાના જન્મ પ્રસંગે
૨૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ બાવળા
અ.નિ. મંજુબેનની પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- પટેલ કનુભાઈ કેશવલાલ ચિ. હાર્દિકના જન્મદિને અમદાવાદ
૫૦૧/- ભુડીયા કાંતિભાઈ કેશરા ધર્મકુળના રાજીપા અર્થે ફોટડી (કચ્છ)
૨૦૦/- પટેલ વિશ્વ મનીષભાઈ સાકરતુલા નિમિત્તે ઉનાવા
૧૦૦૧/- સોની શરદભાઈ મોહનભાઈ પરમકૃપાળુ અમદાવાદ
શ્રી નરનારાયણદેવની કૃપાથી નોકરીમાંથી નિવૃત થયા તે નિમિત્તે
૧૦૧/- પટેલ કીર્તન કૌશિકભાઈ અમદાવાદ
પરીક્ષામાં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ પી.ડી. ચાર ધામ યાત્રા નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ટાંક હિરજીભાઈ પીતાંબરભાઈ ધૂળકોટ
નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- વેકરીયા મંજુલાબેન વિઠ્ઠલભાઈ ચિ. કૃષ્ણના જન્મ દિને ગાંધીનગર
૧૦૧/- પટેલ ધ્રુવ અશ્વિનભાઈ ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ સોનલબેન સંજયકુમાર ચૌલક્રિયા નિમિત્તે નરોડા
૨૦૦/- ઠક્કર અશોક વ્રજલાલ પ્રમોશન મળવા નિમિત્તે અમદાવાદ
૫૦૧/- મીસ્ત્રી દર્શન હિંમતલાલ અમદાવાદ
ગાડી અને મશીન લીધું તે નિમિત્તે
૧૦૦/- પટેલ કરણ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મારૂસણા
૧૦૦/- પટેલ અરવિંદભાઈ માધવલાલ શ્રીજી પ્રસન્નાર્થે ઈટાદરા
૧૦૧/- પટેલ રાજુમની કમલેશ ચિ. પુત્રી વિરાટના લગ્ન પ્રસંગે નાંદોલ
૨૦૧/- પટેલ શારદાબેન અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૦/- દવે ભાલચંદ પી. પુણ્ય તિથિ નિમિત્તે લુણાવાડા
૧૫૧/- કા. ઘનશ્યામભાઈ મણીલાલ લુણાવાડા
ચિ. પૌત્ર તીર્થની બાબરી નિમિત્તે
૨૦૦/- ભાવસાર જીતેન્દ્ર કાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૫/- માંદલીયા ભાવિન રમેશભાઈ અમદાવાદ
ધો-૧૧ સાયન્સમાં ૮૯ ટકા નિમિત્તે
૫૦૦/- પટેલ જયંતીભાઈ લાલજીભાઈ દેવપુરાવાળા
અમેરિકાના વિઝા મળ્યા નિમિત્તે
૧૫૧/- ચૌહાણ ઘનશ્યામ બચુભાઈ ચિ. રિંકલ, નિર્મલના જન્મ દિને મુંબઈ
૧૫૧/- ઠક્કર હસમુખભાઈ અંબારામભાઈ બાવળા
ચિ. જીગ્નેશના વેવિશાળ નિમિત્તે
૧૦૦/- જોશી સોનલબેન તપનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે શિકાગો
૧૦૦/- અ.નિ. ધૂળીબેન ડાહ્યાલાલ હરગોવનદાસના સ્મરણાર્થે માણસા
૧૦૦/- પટેલ સુખાભાઈ ધૂળાભાઈ ચિ. નિરવના લગ્ન પ્રસંગે ગાંધીનગર
૨૨૫/- પટેલ સીતાબેન માધવલાલના સ્મરણાર્થે કરજીસણ-અમેરિકા
શ્રીજી પ્રસન્નાર્થે
૧૨૫/- પટેલ ભીખાભાઈ માધવલાલ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ રંજનબેન ભીખાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ અશ્વિનભાઈ ભીખાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ ડિમ્પલબેન અશ્વિનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ ઝીલ અશ્વિનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ આયુષ અશ્વિનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
જન્મ દિને
૧૨૫/- પટેલ જીગ્નેશભાઈ ભીખાભાઈ કરજીસણ-અમેરિકા
શ્રીજી પ્રસન્નાર્થે
૧૨૫/- પટેલ કિંજલબેન જીજ્ઞેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ દર્શ જીજ્ઞેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ ભોગીભાઈ માધવલાલ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ જ્યોત્સનાબેન ભોગીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ ભાવેશભાઈ ભોગીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ કૃપાબેન ભોગીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ સુશીલાબેન જયેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ જયેશભાઈ ચિમનલાલ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ દિયા જયેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ ક્રિશ જયેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ ભારતીબેન હિતેષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૧૨૫/- પટેલ પ્રવિણાબેન પરેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે કરજીસણ-અમેરિકા
૨૫૧/- સોની કિશોરભાઈ જીવણભાઈ અમદાવાદ
ચિ. પૌત્રી હીર મોહિતભાઈ જન્મ પ્રસંગે
૨૫૧/- સોની કિશોરભાઈ જીવણભાઈ અમદાવાદ
ચિ. પૌત્રી હેત્વી મોહિતભાઈ જન્મ પ્રસંગે
૫૦૦/- ભંડેરી શિવજી હિરજી શ્રીજી પ્રસન્નાર્થે માનકુવા (કચ્છ)
૧૦૧/- પટેલ વિશ્વ સુરેશભાઈ ધો-૭ માં સારા ટકા નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ ભૂમિ સુરેશભાઈ ધો-૧૧ માં સારા ટકા નિમિત્તે અમદાવાદ
૨૦૧/- અમીન જ્યોત્સનાબેન શંભુભાઈ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- પટેલ પ્રિન્સી રાજેશભાઈ ધો-૧૦ માં ૮૩ ટકા નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ આરવ ધવલભાઈ પુત્ર જન્મ પ્રસંગે તા. ૪-૬ અમદાવાદ
૧૦૧/- ભાવસાર રમેશચંદ્ર શાંતિલાલ અમદાવાદ
ચિ. તેજેન્દ્રકુમારના સગપણ નિમિત્તે
૧૦૧/- ભાવસાર જીગ્નેશ રમેશચંદ્ર ચિ. ગર્વની બાધા નિમિત્તે અમદાવાદ
૨૫૧/- ભાવસાર રમેશચંદ્ર શાંતિલાલ અમદાવાદ
ચિ. સ્નેહલ, જીગ્નેશ અને તેજેન્દ્રના જન્મ દિને
૧૦૦/- ભાવસાર હાર્દિક અમિતકુમાર અમદાવાદ
ધો-૧૨ સાયન્સમાં ૭૫ ટકા નિમિત્તે
૧૦૦/- ભાવસાર અમિતકુમાર જસવંતલાલ અમદાવાદ
ઓપરેશન થયું તે નિમિત્તે
૧૦૧/- ટાંક પરેશ મનસુખભાઈ નવી ઓફિસ લીધી તે નિમિત્તે મુંબઈ
૧૦૨/- પટેલ વિશ્વા મુકેશભાઈ ધો-૧૧ માં ૮૧ ટકા નિમિત્તે નવાગામ
૧૦૧/- દુધરેજીયા અનિલભાઈ બી. ધ્રાંગધ્રા
પૌત્રના જન્મ પ્રસંગે (અંકના પ્રતિનિધિ)
૧૦૦/- પટેલ અમૃતભાઈ બબલદાસ ચિ. પૌત્રી જીનલના જન્મ દિને રાણીપ
૨૦૦/- પટેલ અમૃતભાઈ બબલદાસ રાણીપ
ચિ. પૌત્ર મહર્ષિ અને નિરવના જન્મ દિને
૧૦૧/- પરમાર મહેશભાઈ બચુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ

૨૦૦/- પટેલ તેજસ પ્રવિણભાઈ કલોલ
ચિ. અવિને ધો-૧૦ માં સારા ટકા નિમિત્તે
૧૦૦/- કા. પંકજકુમાર રસિકલાલ પુણ્ય તિથિ નિમિત્તે કપડવંજ
૧૦૦/- પટેલ હર્ષ અલ્પેશભાઈ જન્મ દિને દહેગામ
૧૦૦/- પટેલ દેવાંગ મહેશભાઈ દહેગામ
ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ મહેશભાઈ અંબાલાલ ચેલદાસ નવી ગાડી નિમિત્તે ઝુલાસણ
૧૦૦/- પટેલ તુષારભાઈ કિરીટભાઈ ચિ. ઈશિકાના જન્મ દિને વડુ
૧૦૧/- ચાવડા હિતેન્દ્રસિંહ બી. બળોલ-ભાલ
ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- પટેલ વિલાસબેન એન. અમદાવાદ
અકસ્માત થકી શ્રીહરિએ રક્ષા કરી તે નિમિત્તે
૧૦૧/- દોંગા નિતીનભાઈ ધીરૂભાઈ અમદાવાદ
શ્રીહરિએ ગાડીની રક્ષા કરી તે નિમિત્તે
૧૦૨/- પટેલ જયંતીભાઈ વાલજીભાઈ સુરત
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- પટેલ દિલીપભાઈ કનુભાઈ ચલોડા
ચિ. ધો-૧૦ માં ૯૧ ટકા નિમિત્તે
૧૦૧/- ભાવસાર પિયુષભાઈ શશીકાન્તભાઈ પુત્ર જન્મ પ્રસંગે અમદાવાદ
૧૦૧/- ભાવસાર પિયુષભાઈ શશીકાન્તભાઈ અમદાવાદ
ફલેટમાં રહેવા ગયા તે નિમિત્તે
૧૦૧/- ભાવસાર મયુર શશીકાન્તભાઈ પુત્રીના જન્મ પ્રસંગે અમદાવાદ
૧૦૧/- સોની કિશોરભાઈ ચુનીલાલ ચિ. હિરલના જન્મ દિને નરોડા
૧૦૧/- પટેલ પાર્થ જયેશભાઈ સૂકાટીંબા
આઈ.સી.બી.એસ.સી.માં ૮૦ ટકા નિમિત્તે
૧૦૦/- પટેલ પ્રાચીબેન દિલીપભાઈ ભાદરરડી
ધો-૧૨ માં ૭૯ ટકા આવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ કૃણાલકુમાર દિલીપભાઈ ભાદરડી
ધો-૧૦ માં ૮૩ ટકા આવ્યા તે નિમિત્તે
૫૦૧/- પટેલ હિરેન પ્રવિણભાઈ લગ્ન પ્રસંગે હાથપાળીયા
૧૫૧/- ભરડા મહેશભાઈ આર. જસાપરા
પુષ્પાબેન રાજાભાઈના સ્મરણાર્થે
૫૦૧/- વિઠ્ઠલાપરા અમરશીભાઈ નવસારી
ચિ. રવિના ૧૩-૫ ના લગ્ન પ્રસંગે
૧૦૧/- અ.નિ. પ્રેમીલાબેન જેશંગભાઈના સ્મરણાર્થે ડેમાઈ
૨૫૧/- ચાવડા હિરાબેન રણછોડભાઈ ૫૮ માં જન્મ દિને બળોલવાળા
૨૫૧/- ચાવડા મિસાલ મિતુલકુમાર
બેંગકોકમાં ફેમિલી સાથે સ્થાયી થયા તે નિમિત્તે બળોલવાળા

### સત્સંગ સમાચાર મોકલતા સંત-હરિભક્તોને સૂચન

આપણા શ્રી સ્વામિનારાયણ માસિકમાં પ્રકાશિત માટે જે કોઈ સંત-હરિભક્ત સત્સંગ સમાચાર મોકલે છે તેમને ખાસ સૂચન છે કે સમાચાર ખૂબજ ટૂંકા, મુદ્દાસર અને પ્રસંગને ધ્યાનમાં રાખીને મોકલવા. સત્સંગ સમાચાર દર માસની ૨૦ મી તારીખ સુધીમાં આવશે તેજ સમાચાર જે તે અંકમાં છપાશે. તેનું ખાસ ધ્યાન રાખીને સમાચાર મોકલવા.

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ-મેમનગર :** પ.ભ. કાંતિભાઈ મોહનલાલ પટેલ (માજી. ડે. કલેકટરશ્રી) તા. ૯-૬-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બળોલ-ભાલ (હાલ જોરાવરનગર) :** પ.ભ. ગોવિંદભાઈ મોતીભા સુરના પુત્ર શ્રી દિપુભાઈના ચિ. પુત્ર મહાવીરસિંહ (ઉ. ૧૯ વર્ષ) તા. ૩-૬-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**માણસા :** પ.ભ. ધુળીબેન ડાહ્યાભાઈ હરગોવનદાસ તા. ૨૫-૫-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કલોલ :** પ.ભ. શીવાભાઈ શંકરદાસ પટેલ (ડાંગરવાવાળા) (ઉ. ૭૫ વર્ષ) (શ્રી નરનારાયણદેવ અમદાવાદ ગલ્લા પેટીના સદસ્ય સેવક) તા. ૧૩-૬-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કલોલ :** પ.ભ. જયંતીભાઈ અંબાલાલ પટેલના માતુશ્રી મણીબેન (દેલવાડાવાળા) (ઉ. ૮૦ વર્ષ) તા. ૧૭-૫-૨૦૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નાંદોલ :** પ.ભ. રતીલાલ અંબાલાલ પટેલ (ઉ. ૭૮ વર્ષ) તા. ૩૧-૫-૨૦૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નવા નરોડા :** પ.ભ. માલવીયા નાનુબેન મનજીભાઈ તા. ૨૪-૫-૨૦૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**પેથાપુર :** પ.ભ. ગજ્જર રજનીકાન્ત રણછોડલાલ તા. ૨૫-૬-૨૦૧૩ ને મંગળવારના રોજ ૬૮ વર્ષની વયે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. શ્રીહરિ તેઓને અક્ષરધામનું સુખ પ્રદાન કરે તેવી કરબધ્ધ પ્રાર્થના.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.












## પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના ૪૧માં જન્મોત્સવ (દશેરા) નિમિત્તે વિવિધ ગામો - મંદિરોમાં કાર્યક્રમો














૧. પ્રાંતિજ મંદિર પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી ૨.ભાટ ગામે શ્રી સ્વા.વિશ્રાંતિભૂવનના ખાત મૂર્હુત પ્રસંગે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે ભુજ મંદિરના મહંત સ્વામી, સ્વામી ભક્તિ વલ્લભદાસજી અને પાર્ષદ જાદવજી ભગત.૩.વિરાટનગર સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી.૪. તાજેતરમાં ઉત્તરાખંડમાં આવેલ ભયંકર કુદરતી આપત્તિ વેળા આપણા બદ્રીનાથ મંદિરમાં પણ હજારો લોકોને આશ્રય આપ્યો હતો અને તેમની રહેવા જમવાની તમામ સગવડ મહંત સ્વામી ગૌલોકવિહારીદાસજીએ ખૂબ સારી રીતે નિભાવી હતી.૫.હળવદમાં એક વર્ષની અખંડધૂનમાં દિવ્ય આનંદ માણી રહેલા હરિભક્તો.૬.પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૪૧મા જન્મોત્સવ પ્રસંગની નારણઘાટ મંદિર ખાતે પ્રથમ સભામાં સ.ગુ.મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ.મહંત સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંત મંડળ.૭.નવાવાડજ અને કર્મશક્તિ (બાપુનગર)મંદિરમાં સત્સંગ સભા.૮.મહાદેવ નગર મંદિરમાં વચનામૃતની સમૂહ પારાયણ તથા ૧૪૧કલાકની અખંડ ધૂન. ૯.બાલવામાં ૪૧૦૦૦ ઝાડના રોપાનું મફત વિતરણ.૧૦. માણેકપુરમાં કથા પ્રસંગે નરનારાયણદેવ યુવક મંડળના યુવકો પ.પૂ.મહારાજશ્રી સાથે.

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/2012 valid up to 30-06--2014



# ગુરુપૂર્ણિમા ગુરુપૂજન મહોત્સવ

તા. ૨૨-૭-૨૦૧૩ ના દિને
શ્રી નરનારાયણદેવ દેશના ભાવિ આચાર્ય
પ.પૂ.લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ગુરુપૂજન
સવારે ૭:૩૦ કલાકે

**સ્થળ: શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર, અમદાવાદ**



તા. ૨૨-૭-૨૦૧૩ ના દિને
શ્રી નરનારાયણદેવ દેશના પૂર્વ પીઠાધિપતિ, ધર્મમાર્તંડ પ.પૂ.ધ.ધુ.
મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ગુરુપૂજન
સવારે ૮:૦૦ કલાકે

**સ્થળ: શ્રી સ્વામિનારાયણ મંદિર - મૂળી**



શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોમાં

## ૧૫મો પાટોત્સવ મહોત્સવ

રવિવાર ૪, ઓગસ્ટ ૨૦૧૩

**Midwest Shree Swaminarayan Temple (I.S.S.O.)**
**21W 710 Irving Park Road, Itasca, IL 60143 (U.S.A.)**



શ્રી નરનારાયણદેવ દેશના પીઠાધિપતિ, ધર્મમાર્તંડ
પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો

## ૪૧મો જન્મોત્સવ

તા. ૧૪-૧૦-૨૦૧૩ રવિવાર (દશેરા) ના દિને સાંજે ૪:૩૦ કલાકે
સ્થળ: ગાંધીનગર

આયોજક: શ્રી સ્વામિનારાયણ મંદિર - નારણઘાટ
તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સમગ્ર સત્સંગ સમાજ અમદાવાદ વતી
સ.ગુ.દેવપ્રકાશ સ્વામી તથા સ.ગુ.શા.પી.પી.સ્વામી (મહંતશ્રી - નારણઘાટ)

Jagadish Offset
Praful Kharsani